Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007


Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 27, Issue No. 06 | 10th March, 2023 | Annual Subscription Rs. 50=00

વર્ષ : ૨૭, અંક : ૦૬ | ૧૦મી માર્ચ, ૨૦૨૩ | વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦



**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

- શ્રીમોટા

‘જીવન દર્શન’, ૧૧મી. આ., પૃ. ૪૩૧

(ગઝલ)

જવું જ્યાં હોય વિચરજો અમે બહાલી જ આપી છે,
‘કહીં કહીંની જુદી વાતો પડે સમજણ’ અનુભવ તે !

અમે ક્યાં ક્યાં જઈ વિચર્યા ન ઈચ્છા તેતણી મૂળે,
બધે પ્રસર્યા છતાં કેવા મૂળે કોરા રહેલા છે !

લઈએ સ્વાદ શા નોખા ! અનુભવ પ્રકૃતિકેરા,
વળી જે જે સ્વભાવો તે અનુભવથી જણાયા છે !

બધી દુનિયા અમારી છે, બધે પ્રસરેલ મૂળિયાં છે !
અમારા વિણ અસ્તિત્વ કશે ના કોઈનુંયે છે !

- શ્રીમોટા

‘જીવન અનુભવ ગીત’, પ્ર. આ., પૃ. ૪૧૦

||હરિઃૐ||

# પૂજ્ય શ્રીમોટાનો ૮૫મો સાક્ષાત્કારદિન રામનવમી ઉત્સવ



**આત્મીય સ્વજનશ્રી,**

ચૈત્રી સુદ નોમ-રામનવમી, એ પૂજ્ય શ્રીમોટાનો ૮૫મો સાક્ષાત્કારદિન હોઈ પૂજ્ય શ્રીમોટા તથા તેમની વિચારધારા અને પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સૌ સ્વજન ભાઈબહેનોનાં મિલન સમારોહના યજમાન બનવાનો અમોને રૂડો અવસર મળ્યો છે. અનેરા એવા આ 'ઉત્સવ'માં આપ સૌને પરિવારજનો-મિત્રમંડળ સહિત પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

**સ્નેહાધીન : શ્રી પરિમલ મનુસિંહ પરમાર તથા પરિવાર.**

માલવી ઍજ્યુકેશન ઍન્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ, કુકેરી.

**મિલન સમારંભ તથા ઉતારાનું સ્થળ :**

વાત્સલ્ય ધામ, કુકેરી, તા. ચીખલી, જિ. નવસારી

ઉત્સવનું સ્થળ કુકેરી ગામે પહોંચવા ગુગલ મેપમાં વાત્સલ્ય ધામ, કુકેરી ટાઈપ કરો.

Google Map Link

લોકેશન માટે સ્કેન કરો.

**કાર્યક્રમની રૂપરેખા :**

**શનિવાર સાંજે : તા. : ૦૧-૦૪-૨૦૨૩**

| | | | | |
|---|---|---|---|---|
| ૫:૩૦ | થી | ૬:૦૦ | : | હરિઃૐ ધૂન અને ભજનો - લવાછા મંડળ |
| ૬:૦૦ | થી | ૬:૪૫ | : | સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૬:૪૫ | થી | ૭:૩૦ | : | સત્સંગ/ વક્તવ્ય ડૉ. મનસુખભાઈ પટેલ |
| ૭:૩૦ | થી | ૯:૦૦ | : | પ્રસાદ |

**રવિવાર સવારે : તા. : ૦૨-૦૪-૨૦૨૩**

| | | | | |
|---|---|---|---|---|
| ૬:૩૦ | થી | ૭:૧૫ | : | ચા કૉફી - અલ્પાહાર |
| ૭:૩૦ | થી | ૮:૦૦ | : | હરિઃૐ નામસ્મરણ |
| ૮:૦૦ | થી | ૯:૦૦ | : | નિત્ય પ્રાર્થના - આરતી |
| ૯:૦૦ | થી | ૧૦:૧૫ | : | ભજનો (ભાવિક પટેલ) |
| ૧૦:૧૫ | થી | ૧૦:૩૦ | : | ઍવૉર્ડ વિતરણ |
| ૧૦:૩૦ | થી | ૧૧:૩૦ | : | પૂજ્ય શ્રીમોટા વિશે ઉદ્‌બોધન - શ્રી ઈંદ્રવદન શૅરદલાલ (ઈંદુકાકા) |
| ૧૧:૩૦ | થી | ૧૨:૦૦ | : | યજમાન આભારવિધિ, ગુરુવંદના |
| ૧૨:૦૦ | થી | ૨:૦૦ | : | મહાપ્રસાદ |

Youtube QR Code

**વિજ્ઞપ્તિ :**

શનિવારે તા. ૦૧-૦૪-૨૦૨૩ના રોજ બહારગામથી આવનાર અને ઉતારા સ્થળે રહેવા ઈચ્છનાર સ્વજનોએ તેમની સંખ્યા તા. ૨૫-૦૩-૨૦૨૩ સુધીમાં નીચેના કોઈપણ નંબર ઉપર જાણ કરવા વિનંતી.

સુરત અને અમદાવાદથી કુકેરી જવા માટે બસની વ્યવસ્થા રાખેલ છે.

સંપર્ક સૂત્ર : સુરત- નિમીશભાઈ રંગુનવાલા મો. ૯૩૭૪૬ ૧૦૦૨૨/ અમદાવાદ- રાજેન્દ્રભાઈ રાવલ મો. ૯૯૭૮૪ ૦૫૨૩૧

ઉત્સવનું પ્રસારણ **Youtube Live** નિહાળવા માટે ચેનલને સબસ્ક્રાઈબ કરો.

**કૌશિકભાઈ : મો. ૯૮૨૫૪ ૬૨૬૪૮ / રીનલબહેન : મો. ૭૮૭૮૪ ૩૩૪૫૨**

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૭ અંક : ૬ માર્ચ, ૨૦૨૩



**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન



**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે. આ વેબસાઈટ અંગે ડૉ. શૈલેષભાઈ ગોટીનો મો. નં. ૯૮૭૯૯ ૦૮૯૮૦ ઉપર સંપર્ક કરી શકાશે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦

* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : અંબિકા હરેશ પંડ્યા

ટાઈપ સેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪

ટાઈટલ : મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩


## અનુક્રમ


| ક્રમ | વિગત | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી | શ્રીમોટા | ૪ |
| ૨. | સાધનાની હકીકત | શ્રીમોટા | ૫ |
| ૩. | સંસારદૃષ્ટિ અને જ્ઞાનદૃષ્ટિ - બે જુદાં છે | રામશંકર મોનજી ભટ્ટ | ૬ |
| ૪. | પૂજ્ય શ્રીમોટા પ્રેરિત આહુતિયજ્ઞ | નંદુભાઈ | ૭ |
| ૫. | યોગ એક જીવનકળા | વિનોબાજી | ૮ |
| ૬. | મૌનાવસ્થા શું છે ? | વિમલા ઠકાર | ૯ |
| ૭. | પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે : ૫ | ડૉ. ઉષાબહેન ખેર | ૧૧ |
| ૮. | વિદેશી શિક્ષણ અંગે જવાબ | બંસીધર શુક્લ | ૧૩ |
| ૯. | પરમાર્થે દાન આપવા જાહેર અપીલ | ટ્રસ્ટીમંડળ | ૧૫ |
| ૧૦. | શ્રીમોટાને સહાયક શ્રી તાજુદ્દીન બાબા | રતિલાલ મહેતા | ૧૮ |
| ૧૧. | શ્રી અરવિંદનું અદ્‌ભુત કાવ્ય : 'કોણ ?' | શ્રી દિલીપકુમાર રાય | ૧૯ |
| ૧૨. | આત્મસાક્ષાત્કાર પ્રયોગસાધ્ય છે | શ્રીમોટા | ૨૧ |
| ૧૩. | ડેટાબેઝ અંગે | ટ્રસ્ટીમંડળ | ૨૨ |
| ૧૪. | કર્મસંસ્કારો અને ભાવ | શ્રીમોટા | ૨૩ |
| ૧૫. | સ્નેહમૂર્તિ શ્રીમોટા | ડૉ. મહેન્દ્ર ત્રિવેદી | ૨૪ |



## જ્ઞાનદાન સહયોગ

નડિયાદનિવાસી પૂજ્ય શ્રીમોટાના ભક્ત-સ્વજન શ્રી રમણભાઈ મંગળભાઈ પટેલ પરિવાર તરફથી આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે, તે બદલ અમો એમના ઘણા ઘણા આભારી છીએ. **- સંપાદક**

હરિઃૐ

(દોહરા)

એક દુઃખ હૈડે રહું, રંક થઈ નિઃસંગ;
**ચૈત્ર** નિર્મળ ચાંદલો બાળી મેલે મળ અંગ.

**ચૈત્રે** બ્હાવરી હું બની, પડે ઉર નવ ચેન;
પ્રીતમ આવે જો સખી ! જાગું હું સારી રેન.

સ્મરણ દિનરજની કરું, તોયે લાધ્યું ન સુખ;
શિરે પાડો જે જે હરિ ! સહીએ અણબોલ્યા દુઃખ.

છોડાવ્યા હવે નવ છૂટો, નવ વીસર્યા વિસરાય;
સાપે છછૂંદર જેમ ગળ્યું, તેવી પામી દશાય.

જ્યારે ખોલું રંક હું, તુજ ચરણે હું ઉર;
આગ ભભૂકતી ત્યાં થકી, જ્યમ ધૂણીથી એ હુર.

ઉર પય ઊભર્યું અગ્નિથી કેમ એ નવ સમાય;
શીતળ જળ હરિ ! જો બની વરસો, તો સુખ થાય.

વસમું વસમું લાગતું, એકલડું ઘર માંય;
મ્હેર કરી હરિ ઉર વસે હૈડે હરખ ન માય.

દેખવું તે દાઝવું રહ્યું, ઉરે વળે ના જંપ;
સૂઝે ન, શું કરું, દિલમાં ઉરે લ્યો શેં ન કંથ ?

કહેવું વધુ શું <u>આપને,</u> અંતર્યામી છો નાથ !
તમને
વધુ ન તપવી દાસીને, લ્યો ઉપર, ચાંપી બાથ.

સંદર્ભ : પ્રાર્થનાંજલિ - 'પૂજ્ય શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓ'માંથી સાભાર ❑

આ પુસ્તક હવે પ્રગટ થવા જઈ રહ્યું છે.

**શ્રી ચરણારવિંદે**

(મંદાક્રાંતા-શિખરિણી)

બીજા કોની પાસે તુજ વગર તે હાથ લાંબો કરું હું,
કૃપાથી આવેલો તુજ શરણમાં ક્યાં બીજે તે હું જોઉં,
જગે સાચી પેઢી મુજ ગરીબની એકલો એક તું છે,
શરાફી રીતે ના હક કરી શકું સાવ દેવાળિયો હું. ૧

કૃપા તારી માગું, ક્યમ કરી તને રીઝવી તે શકું હું,
ભલે યત્નો કોટી મુજથી બનતા સૌ અધૂરા છતાં ત્યાં,
નથી તે માટેની મુજ પતિતની યોગ્યતા તો કશીયે,
છતાંયે માગું છું લળી લળી પ્રભુ ! આપજો પ્રેમીઓને. ૨

પ્રભો ! જે જે આવે તુજ શરણમાં કૈંક ને કૈંક પામે,
અવાયું જે તારે ચરણ, પણ તે ના અમારી જ હામે,
છતાં જ્યાં તું લાવ્યો ઘસડી અમને-કર્દમે સૌ કળેલાં,
પ્રભો ! ખાલી ફેરો અમ નહિ જવા દે તું છે એ જ શ્રદ્ધા. ૩

બિચારો અજ્ઞાની તમ નજીકમાં-ભાન જેને નથી કૈં,
છતાં જે આવેલો અવર જનની સાથ ત્યાં ભાગ્ય જોગે,
કૃપા એવાની તે પર પણ ખરે ! ના થશે શું એરે રે !
પ્રભો જોજો, જોજો, કંઈક કરજો યોગ્ય હો ઠીક જે તે. ૪

મહાબુદ્ધિશાળી પ્રખર જન કૈં આપના પાદ ચૂમે,
કંઈ ભક્તિશાળી તમ પદ કરે શા પ્રણામો લળીને !
અમારા જેવાનો ગજ કંઈ નહિ ફાવશે શું પ્રભો ! ત્યાં ?
લઈશું માગેલું તમ રહમથી યોગ્યતા કેળવાતાં. ૫

અમોને માફી દો ભૂલચૂક કરી માગણી જે કરેલી,
બિચારા આને તો ગમ નવ હતી દર્શને શ્રીપ્રભુની-,
છતાં આવ્યો ત્યારે ગરીબ જન શું લાભથી મુક્ત રહેશે ?
વિચારીને એવું, તમ ચરણમાં પ્રાર્થના કીધી હૈયે. ૬

'જીવનપાથેય', ચોથી આ., પૃ. ૨૦-૨૧ ❑

# (૨) સાધનાની હકીકત

જ્યારે પહેલી વાર હું સદ્‌ગુરુ પાસે ગયો ત્યારે તે કાળમાં હયાત એવા ચેતનાનિષ્ઠ આત્માઓ જે શરીરધારી હતા તે બધા જ હું પોતે છું, એમ તેઓ પોકારતા. ત્યારે મને મનમાં સંદેહ થયેલો ખરો કે એક માણસ એકીસાથે આવા બધા કેવી રીતે હોઈ શકે ? હું વ્યક્ત રીતે કશું બોલ્યો-કર્યો હતો નહિ, પરંતુ મનમાં તે પરત્વેનો સંશય તો જાગેલો હતો ખરો જ કે આવી હકીકત સંભવી ન શકે અને તે શક્ય જ ન હોય. તે પછી તો ઘણો કાળ વીતી ગયો. શ્રીહરિકૃપાથી સાધનામાં દૃઢતા પણ પાકી થઈ. સાધનાભ્યાસ જોર પકડતો ગયો. તેમાં ખૂંપાવાનું થતું ગયું. તેવા કાળમાં શ્રીસદ્‌ગુરુ બોલતા હતા તેવા શરીરધારી મહાત્માઓ કૃપા કરી કોઈક કોઈક વખત મને પ્રત્યક્ષ થતા ખરા. સૌથી પ્રથમ તેમના હૃદયના પ્રદેશમાં શ્રીસદ્‌ગુરુનું જ મને દર્શન થતું ત્યારે પેલા સંશયની હકીકત મને યાદ આવતી, તેવા પ્રત્યેકે મને સાધનામાં ધક્કો મારેલો છે. શ્રીસાંઈબાબા અને શ્રીઉપાસની મહારાજની મારા જીવનમાં બનેલી હકીકતના કોઈ કોઈ સાક્ષી આજે પણ હયાત છે. બીજા મહાત્માઓના પ્રસંગના કોઈ સાક્ષી નહિ હોવાથી તે અંગે મેં લખ્યું નથી. આજ સુધી તેની મારા નિકટમાંના નિકટને પણ તે અંગે કશી વાતચીત કરી નથી. માત્ર શ્રીસાંઈબાબા અને શ્રીઉપાસની મહારાજની મારા જીવનમાં જે હકીકત બની હતી, તેનું મેં વર્ણન કર્યું છે ખરું.

આવા બધા જે મહાત્માઓ શ્રીભગવાનની કૃપાથી મળ્યા અને તેઓશ્રીનું જે રૂબરૂ મળવાનું થયું ત્યારે ત્યારે તેઓ કેવા કેવા લાગ્યા, કેવા કેવા પ્રકારના હતા, તેમના કેવા કેવા રંગઢંગ હતા, તેમની રીતિનીતિ કેવી હતી અને તેમની રીતરસમ કેવી હતી, આવી અનેક પ્રકારના વર્ણનની હકીકત મારા ‘સદ્‌ગુરુ’ પરનાં જોડકણાંમાં લખેલી છે. મારા ગુરુમહારાજને ખોળવા અથવા તો મળવા તેઓશ્રીની શોધમાં હરદ્વારના કુંભમેળામાં મારે જવાનું થયું હતું, ત્યારે પણ શ્રીબાળયોગીની પ્રેરણાથી કેટલાક ઉચ્ચ મહાત્માઓનાં દર્શનનો લાભ મળ્યો હતો. એવા જુદા જુદા મહાત્માની હકીકત ત્યારે સમજમાં જે પ્રવેશેલી તેનું તેનું વર્ણન ‘શ્રીસદ્‌ગુરુ’માં કરેલું છે. એમાં કશું માન્યતાથી લખેલું નથી કે ક્યાંય કશી અતિશયોક્તિ કરેલી નથી. જેમ જે કંઈ હકીકત હકીકતરૂપે છે તેને તે રીતે જ દર્શાવી છે.

અંતમાં મારા સદ્‌ગુરુની સાથે શ્રીહરિકૃપાથી સંકળાવવાનું જે સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું, ત્યારે જીવનને શ્રીભગવાનની ભક્તિ પરત્વેનો વળાંક અને ઝોક અપાવવા માટે મારું ભગવાન પરત્વેનું વલણ કેવું રહ્યું હતું અને મારાથી તેમનામાં ભાવનાથી કરી જીવનમાં કેવી રીતે સંકળાઈ રહેવાનું થતું, તે પરત્વેની બધી હકીકત મેં ખુલ્લા દિલથી સ્પષ્ટપણે લખી છે. હાંજા ગગડી જાય તેવાં સાધનાનાં સાધનો કૃપા કરીને

**અનુસંધાન પેજ નં. ૨૯ પર**

## (૩) સંસારદષ્ટિ અને જ્ઞાનદષ્ટિ - બે જુદાં છે

રામશંકર મોનજી ભટ્ટ

બાણુ લાખ માળવો મૂકીને, ભર્તૃહરિ બાવો થયો. પછી જેવો સુખી થયો, તેવો સુખી તે પહેલાં નહોતો. વૈરાગ્યશતકમાં ૩૪મા શ્લોકમાં ભર્તૃહરિએ જે કહ્યું છે તેનો અર્થ છે કે :-

'ભોગમાં રોગનો ભય, કુલીનતામાં લાંછનનો ભય, ધનમાં રાજાનો ભય, મૌનમાં દૈન્યનો ભય, બળમાં શત્રુનો ભય, રૂપમાં ઘડપણનો ભય, શાસ્ત્રમાં વાદનો ભય, ગુણમાં ખળ પુરુષોનો ભય અને આ શરીરને કાળનો ભય છે. આ રીતે જગતમાં સઘળી વસ્તુ માટે માણસને ભય રાખવો પડે છે. માત્ર વૈરાગ્ય જ નિર્ભય છે.'

વૈરાગ્ય એટલે ત્યજી દેવું. ત્યજી દેવું એકદમ બને એવું નથી. માટે સામાને સગવડ કરી આપતાં, કાંઈ ઘસારો ખાવો પડે તો તે રાજીખુશીથી ખાઈ લેવો. કોઈની પાસેથી લેવાનો વિચાર ન થાય તે પણ ત્યાગ છે. એકદમ ત્યાગ ન થઈ શકે, માટે પૂનમ, અમાસ, કોઈ પર્વણી, કોઈ 'નિમિત્ત', એમ તકનો લાભ લઈને, થોડું થોડું આપતાં રહેવું તે પણ ત્યાગ છે.

બહેન, દીકરી કે ભાણેજરુને, સમયે સમયે કાંઈ કાંઈ આપવું તે પણ ત્યાગ છે. પાડોશમાં અથવા કુટુંબમાં કોઈ વૃદ્ધ હોય, વિધવા હોય, રૂડા મિત્રો હોય, સંબંધી હોય, તેમને પણ કાંઈ કાંઈ આપવું તે ત્યાગ છે.

ગુરુ, બ્રાહ્મણ કે સાધુ પાસે જવું ત્યારે જરૂર કંઈક સાથે લઈ જવું. છેવટે પાઈના પુષ્પો. પણ ખાલી હાથે ન જવું.

દૂરથી માતાપિતા પાસે આવતા હો, ત્યારે પણ- 'લ્યો બા ! આ તમારે માટે લાવ્યો છું.' એમ પ્રેમથી અને દીનતાથી કહેતાં શીખવું તે પણ ત્યાગ છે.

**સંસારદષ્ટિ અને જ્ઞાનદષ્ટિ - બે જુદાં છે. સંસારદષ્ટિએ, જે લેવા શીખે તે મરદ છે, અને જ્ઞાનદષ્ટિએ જે આપવા શીખે તે મરદ છે.** કોઈ કહે કે- 'ગરીબ બાપડાં શું આપે ?' તેના જવાબમાં રતિદેવ, સજનો કસાઈ, રાંકા બાંકા, શવરી વિગેરે અનેક નિર્ધનો પણ, પોતા પાસે જે કાંઈ હતું, તે અન્યની સેવામાં હાજર રાખતા હતા.

છાણનો ઢગલો લીંપ્યો ગૂંપ્યો સારો રહે, તેમ ધનનો ઢગલો, વાપરે સારો રહે, જે વાપરવા શીખતા નથી, તે ભોરિંગ થાય છે. ભોરિંગના અવતારમાં પણ, ધનના ઢગલાને ઢાંકીને બેસે છે અને કોઈ પાસે આવે તો 'રખે તે લઈ જશે' એવા ભયથી ફૂંફાડા મારે છે.

ભોજા ભક્ત જેવા અનેક સંતો, જીવને ચાબખા મારીને કહે છે કે :-

*'મૂરખો રળી રળી કમાણો*
*ને માથે મેલશે 'મોટો પાણો''*

પ્રભુ કહે છે કે, एषः धर्मः नृणां क्षेमः –

આ તજવાની રીત- આ આપવાની રીત- મમતાને ઢીલી પાડવાની આ રીત- મનુષ્યોનો કલ્યાણકારી ધર્મ છે. વળી આ ધર્મ शोकमोहभयावहः - શોક, મોહ અને ભયનો નાશ કરે છે.

સંસારીઓ કહે છે કે આપીએ કેમ ? એમ કાંઈ રેલમાં પડ્યું છે, તે આપી દઈએ ? વિવેક વિના આપવાની ના છે, પણ તક મળે અને વિવેક સચવાતો હોય, તો તક ચૂકવાની ના છે.

સત્સંગ આપતાં શીખવે અને કુસંગ લેતાં શીખવે. અનાદિકાળનાં કુસંગીઓને, આપવાનો બોધ કરવો નહિ કારણ કે તે ધૂળ ઉપર લીંપણ છે.

મોક્ષપત્રિકા, શ્રીમદ્ ભાગવત - એકાદશસ્કંધ અધ્યાય-૨૧, પૃ. ૨૧૪૭ ❑

# (૪) પૂજ્ય શ્રીમોટા પ્રેરિત આહુતિયજ્ઞ

નંદુભાઈ

પૂજ્ય શ્રીમોટાએ કેટલાંક વર્ષો પહેલાં નરોડાના હરિઃૐ આશ્રમમાં એક યજ્ઞ કરાવ્યો હતો. તેમાં કોઈ પણ ભાગ લઈ શકે એવી મોકળાશ હતી. સ્ત્રી, પુરુષ, બ્રાહ્મણ, હરિજન, પારસી, ખ્રિસ્તી, વિદ્વાન, અભણ વગેરે સર્વ કોઈ પ્રત્યક્ષ ભાગ લઈ શકે એવી વ્યવસ્થા હતી.

આ યજ્ઞમાં દિનરાત, ચોવીસે કલાક સતત એક શ્લોક બોલીને (થોડા જવ-તલ હોમીને) શ્લોકને અંતે આહુતિ આપવાની હતી. **વ્યક્તિની અંદર જ રહેલી નિમ્ન વૃત્તિઓની આહુતિ આપવાની હતી. એવો ભાવ અનુભવવાનો હતો.** પ્રભુને પ્રાર્થી પ્રાર્થીને આહુતિ આપતાં વ્યક્તિ જીવનવિકાસના માર્ગે થોડાંક પણ ડગ આગળ માંડી શકે એ હેતુ મુખ્ય હતો.

મોટાએ આવો અણદીઠો કે સાંભળવામાં આવ્યો ન હોય એવો યજ્ઞ શરૂ કરાવ્યો. જેમાં કશો જ આર્થિક ખર્ચ નહિ, ભભકો કે આડંબર નહિ. યજ્ઞમાં પાટલે બેસનાર વ્યક્તિ પોતાની નિમ્ન વૃત્તિઓને હોમી હોમીને જીવનને ઉન્મુખી બનાવવાની ભાવના હતી.

યજ્ઞમાં બોલવાનો શ્લોક પણ ગુજરાતીમાં હતો. સામાન્ય રીતે શ્લોક સંસ્કૃત ભાષામાં હોય પણ એને સમજનારા કેટલા ? અને જેનો અર્થ ન સમજાય તેનો ભાવ શી રીતે જન્મે ? પ્રથમ અર્થનિષ્પત્તિ હોય પછી જ ભાવનિષ્પત્તિ. આ કારણસર મોટાએ નીચેનો શ્લોક ગુજરાતીમાં રચેલોઃ-

(અનુષ્ટુપ)

*પામવા વિઘ્નથી મુક્તિ, શાંતિ કલ્યાણ ઝંખવા,*
*આહુતિ આપીએ પ્રાર્થી, ઉન્મુખી દિલ પ્રેરવા.*

અહીં વિઘ્ન શબ્દનો અર્થ સંસારિક પણ હોય અને સાધનામાં નડતાં વિઘ્નો પણ હોય. એટલે 'વિઘ્ન' શબ્દ અંગે તો ઉચ્ચારનાર વ્યક્તિની પ્રત્યેકની જુદી જુદી ધારણા રહી શકે. વળી 'શાંતિ કલ્યાણ ઝંખવા'માં માત્ર ઈચ્છા-અભિલાષા-ધારણા નહિ ચાલે; ઝંખના જ જોઈએ. નિમ્ન વૃત્તિઓની આહુતિ અપાય ત્યારે જ દિલ ઉન્મુખી બને.

યજ્ઞના ત્રીજા-છેલ્લા દિવસે જ્યારે હું શહેરમાંથી નરોડા પહોંચ્યો ત્યારે સાત-આઠ બહેનો એકાગ્ર ચિત્તે વેદીમાં જવ અને તલની આહુતિ અર્પી રહ્યાં હતાં. એ શ્લોક ગુજરાતીમાં ઉચ્ચારાતો હતો એટલે એના ઉચ્ચારણથી વાતાવરણમાં ગંભીરતા છાઈ રહી હતી. બહેનોના મુખ ઉપર ઉલ્લાસ અને આનંદ હતો.

શ્રી ઉપાસનીબાબાના સ્થાનક સાકુરીમાં બહેનો યજ્ઞ કરે છે ખરી પરંતુ આશ્રમમાં તાલીમ પામેલી, દીક્ષા પામેલી કન્યાઓ જ ભાગ લઈ શકે છે. જ્યારે આ યજ્ઞમાં તો કોઈ પણ બહેન નાહીધોઈ સ્વચ્છ થઈને ભાગ લઈ શકતી હતી.

નરોડામાં આ યજ્ઞને જોવા કેટલાય બ્રાહ્મણો આવેલા અને બહેનોને યજ્ઞમાં આહુતિ આપતી જોઈ દુભાયા હતા. તેઓએ મોટાને કહ્યું કે તમે અધર્મ કરી રહ્યા છો, મહારાજ ! મોટાએ જવાબ આપેલો કે એનું પાપ અને સજા હું ભોગવી લઈશ. આહુતિ અર્પવા માટે બહેનો જ વધુ લાયકાતવાળી છે એ વાત બ્રાહ્મણોના ગળે કેમ ઊતરે ?

**અનુસંધાન પેજ નં. ૧૦ પર**

# (૫) યોગ એક જીવનકળા

વિનોબાજી

આપણે દુનિયાભરના લોકોને મળીએ છીએ, પરંતુ કોઈ દિવસ પોતાની જાતને મળવા ઉત્સુક હોતા નથી. અરીસામાં જાતને જોઈને માની લઈએ છીએ કે ખુદને જોઈ લીધી, પરંતુ તે સાચી મુલાકાત નથી. પોતાની મુલાકાતને તો યોગ કહેવાયો છે.

સાંખ્યનો અર્થ છે - 'સિદ્ધાંત' અથવા શાસ્ત્ર અને યોગનો અર્થ છે કલા. જ્ઞાનદેવ મહારાજ સાક્ષી પૂરે છે કે યોગીઓએ જીવનકળા સાધી લીધી છે. સાંખ્ય અને યોગ અથવા શાસ્ત્ર અને કળા એ બંનેથી ગીતા ભરપૂર છે.

કર્તવ્ય નિશ્ચય થયા વિના સાધનાનો આરંભ જ નથી થતો. કર્તવ્ય નિશ્ચય એ યોગ-બુદ્ધિનું પ્રથમ સ્વરૂપ છે. નિશ્ચય પછી એકાગ્રતા અર્થાત્ સાધનામાં તન્મયતા, ફળપ્રાપ્તિ તરફ ધ્યાન ન રાખતાં સાધનામાં લીન થઈ જવાની વૃત્તિ. આ થઈ બીજી મંજિલ. તેનાથી આગળની મંજિલ છે ચિત્તની નિર્વિકાર દશા અથવા સમતા અથવા સમાધિ. અહીં બુદ્ધિ સ્થિર, અચલ થઈ જાય છે એટલે સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત થઈ જાય છે. આમ યોગબુદ્ધિની ચાર મંજિલ છે. (૧) સાધનનિશ્ચય (૨) ફલનિરપેક્ષ-એકાગ્રતા, (૩) સમતા કે સમાધિ અને (૪) સ્થિર સમાધિ, સ્થિતપ્રજ્ઞતા.

समत्वं योगः उच्यते । યોગ એટલે સમતા. માન-અપમાન, હાર-જીત, સફળતા-નિષ્ફળતા. પરંતુ એટલાથી યોગ નહિ બને. નિષ્કામ કર્મ, ભક્તિ અને જ્ઞાન આ ત્રણેને સમાન માની તેને જોડવાથી યોગ બને છે. જો કર્મ નથી કરતા તો ભક્તિ હવામાં રહેશે. જ્ઞાન પણ વીર્યહીન બની જશે. ભક્તિ ન રહી તો કર્મ શુષ્ક બની જશે. જ્ઞાન ન હોય તો કર્મમાં જડતા આવી જાય છે. અધ્યાત્મશાસ્ત્રમાં આ ત્રણેયના યોગને 'યોગ' નામ આપ્યું છે.

શુકદેવ મહારાજે ભાગવતમાં કહ્યું છે કે **મનનું સમાધાન એ સર્વશ્રેષ્ઠ યોગ છે.** જેટલા યોગ છે, તે બધાના મૂળમાં ક્યાંક ને ક્યાંક મનોનિગ્રહ રહેલો છે-ચાહે તે જ્ઞાનયોગ હોય, કર્મયોગ હોય કે ભક્તિયોગ હોય. મનનો યુક્તિપૂર્વક, ભલે ને પછી સાકર ભેળવીને પણ, નિરોધ કરવો જ જોઈએ. ચિત્તનું સમાધાન, સામ્ય 'પરોયોગ' છે.

યોગશાસ્ત્રના મૂળ પ્રવક્તાનું નામ હિરણ્યગર્ભ હતું. આ વિષય પર પતંજલિ મુનિએ લખેલો ગ્રંથ આજે ઉપલબ્ધ છે. તે યોગ પરનો સર્વોત્તમ ગ્રંથ મનાય છે. એ ગીતા પછી ઘણા સમયે અને સંભવતઃ બુદ્ધની પછીનો ગ્રંથ છે. તેમાં યોગની વ્યાખ્યા કરી છે. 'યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ' **યોગનો સંબંધ મનઃશક્તિ અને પ્રાણશક્તિ સાથે છે. પ્રાણશક્તિ ગતિ આપે છે અને મનઃશક્તિ દિશા બતાવે છે.** બંનેનો ખૂબ જ નિકટનો સંબંધ છે. આત્માની અનંત શક્તિના જ્ઞાન માટે આ બંને શક્તિનો નિરોધ કરવો પડે છે. એટલે કે બંનેને વશમાં રાખવાં પડે છે.

યોગનાં આઠ અંગ છેઃ- યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ યમ છે. તેને મહાવ્રતો પણ કહે છે. આ પાંચ મહાવ્રતોના નિરપવાદ પાલનથી મનઃશુદ્ધિ અને આસન-પ્રાણાયમ દ્વારા પ્રાણશુદ્ધિ થાય છે. યમોના નિરપવાદ પાલનથી મન દ્વારા આત્માની અવ્યક્ત શક્તિ પ્રગટ થાય છે.

અતિ પ્રાચીન કાળથી યોગશાસ્ત્રનું જ્ઞાન ભારતમાં હતું. વેદ-ઉપનિષદમાં પણ તેનો ઉલ્લેખ છે.

'ભૂમિપુત્ર', તા. ૧-૬-૨૦૧૫માંથી સાભાર ❑

## (૬) મૌનાવસ્થા શું છે ?

**વિમલા ઠકાર**

મુક્તાવસ્થાનું વર્ણન કેમ કરવું ? ત્યાં તો મનની ક્રિયાઓ શાંત થઈ જાય છે. મનની ક્રિયાઓ એટલે જેને આપ સ્મૃતિ કહો છો, ભૂતકાળની યાદ કહો છો, આકાંક્ષા કહો છો, ભવિષ્યનાં સપનાં, સુખની આકાંક્ષા કે દુ:ખથી ઉદ્વેગ આ જે બધાં મનના ખેલો છે ત્યાં ચાલતા નથી. મન પોતાની સમગ્રતામાં સ્વયમેવ શાંત થઈ જાય છે, ત્યાં મુક્તાવસ્થા છે. આપ કહો છો એવી મુક્તાવસ્થાનું વર્ણન શબ્દથી કેવી રીતે કરું ? ત્યાં વાણી પહોંચે ત્યારે હું વર્ણન કરું ને ! ત્યાં શબ્દોનો પ્રવેશ થાય ત્યારે વર્ણન કરું ને ? શબ્દ, હંમેશા જ્યાં દ્વૈત છે ત્યાં જ પ્રવેશ કરી શકે છે. જ્યાં દ્વૈત નથી ત્યાં શબ્દોનો પ્રવેશ થઈ શકતો નથી. એટલું જ કહી શકું કે જે વ્યક્તિ મુક્તાવસ્થામાં રહેતી હોય એનો વ્યવહાર મનની ભૂમિકા પરથી થતો નથી. એવું પણ નથી કે એ મનનો ઉપયોગ કરી શકતો નથી. એનું મન બધિર હોતું નથી, મૂર્છિત હોતું નથી. આપ લોકો કરતાં પણ એનામાં તીવ્ર સંવેદનશીલતા છે, અધિક જાગરુકતા છે, અધિક ઉત્કટતા છે પણ મનની ભૂમિકામાં એ બેસી નથી રહેતા. જ્યારે કોઈ પરિસ્થિતિ ઊભી થઈ અને વાણી દ્વારા, મન દ્વારા, એનો પ્રતિસાદ આપવો પડે છે ત્યારે મૌનમાંથી નીકળીને, વાણીના સ્તર પર આવીને ચાર શબ્દો કહીને ફરીને મૌનમાં સ્થિત થાય છે. એટલે, ભાઈ **મુક્તાવસ્થા એ મૌનાવસ્થા છે.**

અને મૌનાવસ્થા શું છે ? બાહ્ય શારીરિક-વ્યાપારનું સંવરણ મૌન નથી. વાણી-વ્યાપારનું સંવરણ પણ મૌન નથી. મૌન છે ચિત્તની એવી નિ:સ્પન્દ અવસ્થા જેમાં કોઈ પ્રકારની વૃત્તિ, કે કોઈ જ પ્રકારના તરંગો ઊઠતા નથી. આવું ક્યારે થશે ? શી રીતે થશે ? એની સાધના કેમ કરવી ? એવી સમજણ રાખવી કે જન્મમાં અને મૃત્યુમાં ઘણું બધું અંતર નથી.આપની છાયા કરતાં પણ વિશેષ નજદીક મૃત્યુ છે. જન્મથી જ હાથમાં હાથ મેળવીને, ડગમાં ડગ મેળવીને, મૃત્યુ ચાલે છે. જેને આવી સમજણ છે એ શરીરમાં રહેવા છતાં પણ શરીરથી બંધાયેલ રહેતા નથી.

આની સાધના કેમ કરવી ? ઘણો સુંદર પ્રશ્ન છે.

હું આશા રાખું છું કે જેમણે આ પ્રશ્ન પૂછ્યો છે, એ આ પ્રશ્ને ગંભીર છે અને કંઈ કરવા ચાહે છે, કેવળ સાંભળવા નથી ઈચ્છતા. કેવળ સાંભળવાની આદત પડી જાય તો, સત્સંગ સભાઓમાં ગયા કરશે, એક ના જવાબ પછી બીજાના જવાબ અંગે તપાસ કરીને પોતાની બુદ્ધિ અને સ્મૃતિમાં, જવાબોનો સંગ્રહ કરશે પણ કશું કરશે નહિ. સાંભળ્યા કરવાની આદત પડી જાય છે તો જુદા જુદા વક્તાોને સાંભળ્યા કરવાનો પણ એક નશો હોય છે. આપે જે ભ્રમનો ઉલ્લેખ કર્યો છે એ ભ્રમ વિચારોના નશામાંથી જ પેદા થાય છે. (મોક્ષ થવાનો ભ્રમ). એની શરૂઆત એ રીતે કરાય છે કે પ્રત્યેક વ્યાપાર, પ્રત્યેક વ્યવહારની બાબતમાં શારીરિક વ્યવહારને હું શારીરિક વ્યાપાર કહું છું, વાણીના વ્યવહારને હું વાંગ્મય વ્યાપાર

કહું છું. તો પ્રથમ તો પ્રત્યેક વ્યવહાર અંગે, પ્રત્યેક કર્મને માટે સાવધાન, સજાગ રહેવાનો પ્રયત્ન કરશે. હું આ કાર્ય, આ વ્યવહાર શા માટે કરું છું ? એનું પ્રયોજન શું છે ? હું જે કાંઈ બોલી રહ્યો છું, એનું કંઈ પ્રયોજન છે કે લોકોથી વાત છુપાવવા માટે બોલી રહ્યો છું ? આમ વિચારતાં, વાણી એકદમ અટકી જશે. અનાવશ્યક શબ્દોની આતશબાજી છે અને વાણીનો જે આ દુરુપયોગ છે એ એકદમ શાંત થઈ જશે. કેમ કે જ્યાં વાણી અનિવાર્ય છે, એનો ઉપયોગ જ્યાં અનિવાર્ય છે ત્યાં જ બોલવાથી, મૌન લીધા વિના મૌન વિકસિત થશે. જ્યાં શરીરનું હલનચલન જરૂરી હશે ત્યાં જ એનું હલનચલન કરશો, નહિ તો શરીરને સ્થિર રાખશો.

તો જે પ્રથમ સોપાન છે, જે પહેલું ચરણ છે, અખંડ, અહર્નિશ જાગરૂકતા. બીજું સોપાન છે શરીરની સ્વસ્થતા તરફ જાગૃતિ. એ તરફ ધ્યાન. આહાર, વિહાર, નિંદ્રા, સઘળું સાવધાનતા રાખીને થાય. મુક્તિ એ કંઈ ખેલ નથી. મૌન કે ધ્યાન એ ખેલ નથી. નબળાઓનું એ કામ નહિ. નબળી વ્યક્તિ જો ધ્યાન કરવા બેસશે, કે જપ કરવા બેસશે તો કલાક, કે દોઢ કલાકના ધ્યાનમાં જે કોઈ નાદ સંભળાશે કે પ્રકાશ દેખાશે તો ગભરાઈ જશે અથવા તો પાગલ કે વિક્ષિપ્ત થઈ જશે અથવા તો વ્યવહાર કરવાની પોતાની ક્ષમતા ખોઈ બેસશે. ધ્યાન અને મૌનની સાધના કરવા માટે પોલાદી શરીર જોઈએ, જ્ઞાન-તંતુઓમાં પોલાદ જેવી તાકાત જોઈએ અને તલવાર જેવી ધારદાર બુદ્ધિ જોઈએ. ધ્યાન કરવું સમર્થોનું કામ છે નિર્બળોનું નહિ.

'મન સાથે મૈત્રી', બીજી આ., પૃ. ૧૧૪-૧૧૬ ❑

**અનુસંધાન પેજ નં. ૭ નું ચાલુ**

**આપણા સમાજમાં સ્ત્રી એક એવું પાત્ર છે કે સંસારજીવનમાં સ્વાર્પણની આહુતિઓ ક્ષણે ક્ષણે આપતી જ રહેલી છે.** એમના દ્વારા જ ધર્મની ભાવના હજુ ટકી રહી છે. એ ભાવનાઓનું વહન બહેનોમાં શુષ્ક બુદ્ધિથી નહિ, પણ હૃદયની ભાવનાથી થઈ રહેલું છે.

પૂજ્ય શ્રીમોટામાં નીડરતા છે, સાહસિકતા છે. મૌનમંદિરો એ એમની આખી વિશિષ્ટ મૌલિક શોધ છે. એનો જોટો હિંદમાં ક્યાંયે નહિ હોય - લગભગ નથી જ. આ મૌન યોજનાને તેઓએ સક્રિય અને કામયાબપણે અમલી કરી બતાવી છે.

જીવનમુક્તો પાસે અનુકરણ નથી હોતું, મૌલિકતા હોય છે અને તેય ક્ષણે ક્ષણે બદલાતી નિત્ય નૂતન રમણીય હોય છે. વળી, સહજીવનની તેમની પદ્ધતિમાં વિશેષતા આવી જાય છે. બહેનો આહુતિ આપતી હોય ત્યારે બહેનો જ બેસે ને પુરુષો સાથે ના હોય એવું પણ નહિ, સ્ત્રીપુરુષના તેવા ભેદ ત્યારે નથી હોઈ શકતા. આ પણ એક વિશેષતા છે.

નરોડામાં આ યજ્ઞ જ્યાં શરૂ કરાવ્યો હતો તેનાથી એકાદ માઇલના અંતરે એક લક્ષચંડી યજ્ઞ થઈ રહ્યો હતો. ૧૨૫૦ જેટલા બ્રાહ્મણો આહુતિ આપનારા હતા. ૧૦૧થી વધારે યજ્ઞની વેદીઓ હતી. પાર વિનાના સ્વયંસેવકો હતા. જાણે કે એક નાનું ગામડું વસ્યું હોય ! અમદાવાદથી આખો દિવસ સ્પેશિયલ બસો દોડતી રહેતી હતી. આવા પ્રણાલિકાતગત મહાયજ્ઞની પાડોશમાં જ શ્રીમોટાનો નવીન ઢબનો નૂતન દૃષ્ટિ અર્પતો એક નાનકડો યજ્ઞ યોજાયો હતો.

'આશ્રમની અટારીએથી', ૪થી આવૃત્તિ પૃ. ૧૫૯ ❑

# (૭) પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે : ૫

**ડૉ. ઉષાબહેન ખેર**
**સંકલન : નીતિન રામી**

*ડૉ. ઉષાબહેન ખેરે શ્રીમોટાના જીવનનો અભ્યાસ ઝીણવટથી કર્યો છે. શ્રીમોટાનું શિક્ષણદર્શન સૌ માટે પથદર્શક છે. હાલ તેઓ અમેરિકા છે. તેમના પુસ્તકમાંથી સંકલન કરી, અનુમતિ મેળવી નીતિન રામીનો લેખ પ્રસ્તુત છે - સંપાદક*

**શ્રીમોટા : એક મહાન સમાજશિક્ષક**

શ્રીમોટાએ પહેલાં તો વૈયક્તિક સાધના દ્વારા 'સ્વ'નો વિકાસ કર્યો. આત્મસાક્ષાત્કાર પછી તેઓએ જે સ્વજનો આપમેળે આવી મળેલાં તે સૌને, દૂર રહેતાં સ્વજનોને, જિજ્ઞાસુઓને પત્રવ્યવહાર દ્વારા તેમના વિકાસમાં માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું.

પત્રસાહિત્યની ભાગીરથી : શ્રીમોટાના પત્રો દરેક કક્ષાની વ્યક્તિને લખાયેલા છે. શ્રીમોટાએ અબાલવૃદ્ધ, ગર્ભવતી સ્ત્રીઓ, નેતાવર્ગ, ખેડૂત, કારીગર, વિધવાઓ, ત્યક્તાઓ, દંપતીઓ સૌને પત્રો દ્વારા માર્ગદર્શન આપી સ્વજનવર્તુળમાં સમાવ્યા છે.

શ્રીમોટાના પ્રત્યેક પુસ્તકના નામકરણમાં 'જીવન' શબ્દ સર્વ સામાન્ય છે. જીવન શબ્દ સાથે જોડાયેલ શબ્દ - પોકાર, સંદેશ, મંથન, પગરણ, સંશોધન, પાથેય, મંડાણ, સોપાન વગેરે દિવ્યજીવનને અપેક્ષિત ભાવનાપ્રેરક શબ્દો છે. જે સાંકેતિક અર્થમાં જીવનની સાધનાના ઉપક્રમને નિર્દેશે છે.

શ્રીમોટાનું કહેવું કે ગૃહસ્થાશ્રમનું જીવન પણ એક તપોવન જ છે. દુઃખો, અન્યાય, અવરોધો આવે તો તેનો પણ સામનો કરી જીવન-વિકાસના મૂળ ધ્યેયને ભૂલવાનું નથી. ભજન, કીર્તન, નામસ્મરણ, આત્મનિવેદન, પ્રાર્થના, સમર્પણભાવના આદિનો પણ સાધન તરીકે ઉપયોગ કરી તેની યથાર્થતા અને ઉપયોગિતા સાબિત કરવાની છે.

તેમણે તેમના પત્રોમાં સૂક્ષ્મ જીવનની યાત્રાના સંકેતો આપવા પ્રયત્ન કર્યો છે. તદ્ઉપરાંત ધ્યાન, ધારણા, ત્રાટક જેવાં ગૂઢ યોગિક સાધનો અંગે પણ સમજૂતી અને માર્ગદર્શન આપ્યાં છે.

સંસાર વચ્ચે રહીને આચરી શકાય એવા સાધનોમાં સવિશેષ તો નામસ્મરણનો મહિમા તેમણે હૃદયના પૂર્ણ ઉમળકાથી ગાયો છે.

હરિઃૐ આશ્રમો, મૌનમંદિરોનું નિર્માણ :

શ્રીમોટા પ્રેરિત-પ્રસ્થાપિત હરિઃૐ આશ્રમો અને તેમાં ચાલતા મૌન-મંદિરો પરસ્પરનો પર્યાય છે. મૌનમંદિરોની સુવિધા ઊભી કરવાને કારણે જ હરિઃૐ આશ્રમોનું નિર્માણ થયું છે એમ કહીએ તો અત્યુક્તિ નહિ ગણાય.

વ્યક્તિ એકાંત અને મૌન સેવન સાથે હરિ સ્મરણ, જપ, ઈત્યાદિ કરે એટલે આત્મનિરીક્ષણની પ્રક્રિયા આપોઆપ થાય છે.

પૂજ્ય શ્રીમોટાએ ઈ.સ. ૧૯૪૬ થી ઈ.સ. ૧૯૫૦ દરમ્યાન સાબરમતી હરિજન આશ્રમમાં મીરાંકુટિરમાં એક પડદો રાખીને જીવોને મૌન એકાંતમાં બેસાડવા માંડતા, સાયલા, તિરુચિરાપલ્લીમાં પણ આ જ અરસામાં શહેર બહાર ખ્રિસ્તી કોલોનીમાં એક ઘરનો ઉપયોગ મૌનમંદિર તરીકે કરતા હતા. સુરતના રાંદેરમાં

નદી કિનારે સ્થિત મહાદેવ-મંદિરના ઓરડામાં પડદો રાખી સ્વજનને મૌનમાં બેસાડતા. ફિરોજપુર, નરોડામાં વ્યક્તિગત માલિકીની જગ્યામાં પૂજ્ય શ્રીમોટાના આશીર્વાદથી મૌન એકાંત સેવનની સુવિધાનો પ્રબંધ થયેલ.

૧૯૫૦માં દક્ષિણ ભારતના કુંભકોણમાં કાવેરી નદીને કાંઠે 'હરિઃૐ' આશ્રમની સ્થાપના થઈ. ઈ.સ. ૧૯૫૫માં શેઢી નદીના કાંઠે નડિયાદમાં બીજા હરિઃૐ આશ્રમની, ઈ.સ. ૧૯૫૬માં સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં તાપી નદીના કિનારે કુરુક્ષેત્રમાં કરી.

ત્રણે આશ્રમો સહેતુક નદી કિનારે શ્રીમોટાએ સ્થાપ્યા. જનકોલાહલથી દૂર શાંત વાતાવરણ મળે, પાણીની સગવડ મળી રહે. જળતત્ત્વ વિચારોનાં ઉગ્ર મોજાંઓને મોળા પાડે છે. દૂર એકાંતમાં લોકોના વિચારોના આડા આવતા આંદોલનો પણ સાધકને પજવે નહિ.

મૌનમંદિરો ચલાવવા એ હરિઃૐ આશ્રમનું મુખ્ય કાર્ય છે. મૌનમાં બેસનારની સેવાને શ્રીમોટાએ સૌથી મોટો સેવાધર્મ ગણાવ્યો છે. શ્રીમોટાએ મૌન મંદિરના પ્રચારનો આશ્રય નથી લીધો. શ્રીમોટાને પોતાના સાધનાકાળમાં જે મુશ્કેલીઓનો કટુ અનુભવ કરવો પડેલો તેવી મુશ્કેલી સાધકને ન પડે તે હેતુ અર્થે મૌન મંદિરનું નિર્માણ થયું છે.

મૌન દ્વારા સાધકે મૌનમંદિરમાં વૃત્તિઓના ઘોડાને થાબડી-થાબડીને, બુચકારી-બુચકારીને, ટપલાં મારીને શાંત પાડી રાગ-દ્વેષ મોળા પાડવાના છે. તો જ મૌનમંદિર પ્રવેશ અને નિવાસ સફળ થયો ગણાય.

**મોટા, પધારો મારે આંગણે**

આત્મસાક્ષાત્કાર પછીથી; ઈ.સ. ૧૯૩૯ની રામનવમી પછીથી શ્રીમોટા કરાંચીસ્થિત સ્વજન શ્રી પરસદભાઈ મહેતાના ઘેર રહેતા હતા. પછીથી શ્રી નંદુભાઈ શાહને ત્યાં - ટ્રીચી વર્ષો સુધી રહેવાનું થયું. સુરત, કુંભકોણમ્; નડિયાદ આશ્રમોની સ્થાપના પછી મોટાભાગે પૂજ્ય શ્રીમોટા નડિયાદ આશ્રમમાં રહેતા થયા. આશ્રમોની સાથે પૂજ્ય શ્રીમોટાનું નામ ગુજરાત અને ગુજરાત બહાર વહેતું થયું. આમ, ધીમે ધીમે શ્રીમોટાનું સ્વજનવર્તુળ વધતું જ ગયું. હવે એવું બનવા માંડ્યું કે આ સ્વજનો પણ 'મોટાને' પોતાના ઘેર પધારવા માટે આમંત્રણો આપવા લાગ્યાં. આવાં સ્વજનોને ઘેર જતા ત્યારે શ્રીમોટા અવશ્ય કહેતા કે,

કોઈ સંત આપણે ત્યાં પધારે તો આપણું દળદર ફીટી જાય એવી જે લોકમાન્યતા છે તેમાં નર્યું અજ્ઞાન છે. માટે, એવા ફોગટ પ્રયત્ન કરવા કરતાં એની પ્રત્યક્ષ સેવા, એનું કામ અને કહ્યા પ્રમાણે વર્તવાથી વિશેષ લાભ થાય. તેમ છતાં કોઈએ આ જીવને પોતાને ત્યાં બોલાવવો હોય તેણે સમર્પણભાવે કંઈક આપવાની દાનત પહેલાં પરખવી.

અહીં આપવું એટલે છોડવું એમ તેઓ અર્થઘટન કરતા. તેઓ રાગ-દ્વેષને છોડવા, વ્યસન દુરાચાર છોડવાનું કહેતા. શ્રીમોટા હંમેશા કહેતા કે મફતમાં હું માનતો નથી. જેની તેની કિંમત તો આપવી જ પડે છે.

સ્વજનોના ઘેર પધરામણીના બે હેતુ હતા. એક સ્વજનને તેમજ તેના કુટુંબીજનો, સગાં-સંબંધી મિત્રોના જીવનને વિકાસલક્ષી ઉત્કર્ષ પંથે વાળવાનો હેતુ, બીજો હેતુ પધરામણી દ્વારા પ્રાપ્ત ધનરાશિનો સમાજને બેઠો કરવાનાં કાર્યોમાં સદ્ઉપયોગ કરી ગુણભાવનાનો વિકાસ કરવો.❑

## (૮) વિદેશી શિક્ષણ અંગે જવાબ

બંસીધર શુક્લ

મુંબઈથી તનસુખલાલ મો. કારીઆ પૂછે છે : ઉચ્ચ શિક્ષણ માટે આપણા યુવાનોએ વિદેશોમાં જવું પડે છે. તે માટે દેશમાં જ સગવડ ના થઈ શકે ?

ઉ. આપણા દેશમાં લગભગ દરેક ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણની સગવડ છે. અતિ પ્રાચીન કાળથી ચાલી આવતી શિક્ષણવ્યવસ્થામાં વચ્ચે લાંબો સમય વિધર્મી શાસનોને કારણે મંદતા આવી. સ્વતંત્રતા પછી દેશ ફરી એકવાર તેની પ્રાચીન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાં સફળ થયો. વેદોમાં વર્ણાશ્રમ વ્યવસ્થાની વાત છે. તેમાં બ્રહ્મચારીએ જીવનનાં પ્રારંભનાં ૨૫ વર્ષ બ્રહ્મચર્યાશ્રમમાં રહી વિદ્યા સંપાદન કરવાની વાત છે.કન્યાઓ પણ સમાન કક્ષાએ ભણતી. ભણાવતી. વિશ્વની પહેલી વિદ્યાપીઠ કે યુનિવર્સિટી મગધ કે બિહારમાં ઈ.પૂ. ૬ઠ્ઠી સદીમાં નાલંદામાં સ્થપાઈ. તે ૧૪મી સદી સુધી કાર્યરત રહી. ત્યાં વિશ્વભરના યુવાનો વિદ્યાર્જન માટે આવતા. મહંમદ ઘોરીના સેનાપતિ બખ્તિયાર ખીલજીએ તેનો નાશ કર્યો. આ વિધ્વંસકતા સ્મારકરૂપે બિહારમાં નિકટના પાટા માર્ગ સ્ટેશનનું નામ બખ્તિયારગંજ અપાયું, જે આજે પણ યથાવત્ છે. કોઈ પણ સંસ્કૃતિના આધારરૂપ છ શોધો બધી ભારતની છે : અગ્નિ રૂપે ઊર્જાની શોધ અથર્વણ ઋષિએ કરી. ચક્ર કે પૈડા રૂપે ઊર્જાના વાહકની શોધ ભારતની છે. ગણિત તથા અંકોની શોધ ભારતીય ઋષિઓની છે. ગ્રીસના પાયથાગોરસના નામે આપણને ગોખાવાતું ભૂમિતિ પ્રમેય ભારતના બૌધાયન ઋષિની શોધ છે. શૂન્યની શોધ ગુજરાતના વિજ્ઞાની બ્રહ્મગુપ્તની છે. ન્યૂટનના સદીઓ પહેલાં ભાસ્કરાચાર્યે માધ્યાકર્ષણ નામે ગુરુત્વાકર્ષણની સમજ આપી. ભાષા અને લિપિની શોધ ભારતની છે. નાગરી લિપિ વિશ્વની એકમાત્ર પૂર્ણ વૈજ્ઞાનિક લિપિ છે. વિચારવાની વૈજ્ઞાનિક પદ્ધતિનાં પ્રથમ ત્રણ શાસ્ત્રો પ્રાચીન ભારતના કપિલમુનિ (સાંખ્ય), ગૌતમઋષિ (ન્યાય) અને કણાદ ઋષિ (વૈશેષિક) એ રચ્યાં. પૃથ્વી, ચંદ્ર તથા સૂર્ય ત્રણેની ગતિને ધ્યાનમાં લેતું હિંદુ પંચાંગ વિશ્વનું એક માત્ર સંપૂર્ણ અને વૈજ્ઞાનિક પંચાંગ છે. આરોગ્યનું પ્રથમ શાસ્ત્ર આયુર્વેદ ભારતે આપ્યું, છંદો અને વેદો સાથે જ પ્રગટ થયા. કલાઓનો ગાંધર્વવેદ, યુદ્ધવિદ્યાનો ધનુર્વેદ તથા રાજ્યબંધારણનો અથર્વવેદ પ્રાચીન ભારતમાં રચાયા. વિશ્વની પહેલી સાહિત્યિક રચના ઋગ્વેદ છે. વેદમંત્રોની રચનાનો આરંભ વર્તમાનપૂર્વે ૮૦૦૦ આસપાસ થયો. વિશ્વનું પહેલું વ્યાકરણ પાણિનિ ઋષિનું અષ્ટાધ્યાયી છે. નિઘંટુ અને યાસ્ક મુનિનું નિરુક્ત પ્રથમ કોશો છે. વાલ્મીકિ રામાયણ પ્રથમ મહાકાવ્ય છે. મહાભારત વિશ્વનું સૌથી લાંબું (૧ લાખ શ્લોકો) મહાકાવ્ય છે. વિશ્વને રાષ્ટ્રગીત તથા રાષ્ટ્રધ્વજ ભારતે આપ્યાં. ઋગ્વેદમાં ઉલ્લેખ છે.

રાજાએ રથ આદિની ભૂમિસેના, નૌકા આદિની નૌસેના તથા આકાશમાં ઊડે તેવાં વિમાનોવાળી વાયુસેના વડે પ્રજાની રક્ષા કરવી. યજુર્વેદમાં જણાવ્યું છે પાણી ઊકળે તેની બાષ્પના ધક્કાથી ચાલે તેવાં યંત્રોનો જાણકાર શિલ્પી (યંત્રવિદ)ઓને રાખીને રાજાએ ઉપયોગી યંત્રો બનાવડાવવાં. આ તો ગ્રંથોમાંના ઉલ્લેખોની વાત થઈ. પ્રત્યક્ષ પ્રમાણો ઓછાં નથી. દિલ્હીનો લોહસ્તંભ આજે પણ વિશ્વની આશ્ચર્યકારક રચનાઓમાં છે. કુતુબમિનાર મૂળ હિંદુ સ્મારક છે. ચિતોડનો કીર્તિસ્તંભ નોંધપાત્ર એટલા માટે છે કે તે નીચેથી ઉપર પહોળો થતો જાય છે, જેથી નીચે ભૂમિ પરથી જોનારને આખો સ્તંભ સમાન પહોળાઈનો લાગે. તાજમહાલ સહિત વિશ્વનાં સઘળાં આશ્ચર્યોને પાછળ મૂકી દેનાર અજેય વેરુવનું કૈલાસ મંદિર છે. તે આખું મથાળેથી તળિયા સુધી ઉપરથી નીચે કોતરી કઢાયેલું છે. હિમાલયનાં અનેક મંદિરોમાં તુંગનાથ વિશ્વનું સૌથી ઊંચાઈ પર આવેલું ધર્મસ્થાન છે. વર્તમાનમાં પણ ભારતે પરમાણુ ઊર્જા તથા અંતરિક્ષ ક્ષેત્રે સ્વતંત્રપણે અનેક સિદ્ધિઓ મેળવી છે. જાપાન તથા યુરોપી દેશો સહિતના ગણા દેશોના ઉપગ્રહો ભારત તરતા મૂકી આપે છે. અમેરિકાએ ભારતને રૉકેટનું શીતજન કે ક્રાયોજેનિક ઍંજિન આપતાં અટકાવ્યું તો ભારતે સ્વબળે તેની શોધ કરી લીધી. આજની વાત કરીએ તો ભારતનો બહિષ્કાર કરનારા દેશો અનાજ વિના ટળવળતાં તરત નમી પડ્યા. કોવિડ રોગની ભારતની રસી અમાન્ય કરનારા યુ.સ્ટે. તથા બ્રિટન જેવા દેશો નમી પડ્યા. ભારતે વિશ્વના અનેક દેશોને માનવતાની દૃષ્ટિએ રસીની સહાય પહોંચાડી. ભારતની વસ્તીના ચોથા ભાગ કરતાં એ ઓછી વસ્તી ધરાવતા યુનાઈટેડ સ્ટેટ્સમાં આ રોગથી ઘણાં વધારે મરણ થયાં. આ સૂચિ હજુ લંબાવી શકાય. આ દર્શાવે છે કે પ્રાચીન કાળથી વિશ્વમાં આગળ રહેલો આ દેશ આજે પણ આગળ છે.

યુવાનો પરદેશ જાય છે તેનાં એક કરતાં વધારે કારણો છે. એક કારણ દેખાદેખીનો મધ્યમવર્ગનો જૂનો અસાધ્ય રોગ છે. હું કેમ રહી જઉં ? ધનના પ્રદર્શનનું કારણ પણ મહત્ત્વનું છે. એક એવો ભ્રમ પણ વ્યાપક છે કે પરદેશી કેળવણી ઊંચી જાતની હોય છે. ફૉરેન રિટર્નની છાપનો મહિમા હજુ પૂરો ગયો નથી. એક ઓછું જાણીતું કારણ એ છે કે પશ્ચિમના આગળ વધેલા દેશો હવે યંત્ર, રસાયણ, કાપડ આદિની નિકાસ નહિ કરી શકતા હોવાથી તેમણે કેળવણીની નિકાસનો માર્ગ અપનાવ્યો છે. આ દેશો ભારતીય યુવાનોને આકર્ષવા ધંધાદારી પેઢીની જેમ વ્યવસ્થિત પ્રચાર કરે છે. કોઈ વાર નવી પ્રૌદ્યોગિકી માટે વિદેશ જવાનું આવશ્યક બને છે. એક નોંધપાત્ર વાત એ છે કે, દેશની સહાયથી પરદેશ જઈ પદવી મેળવનારામાંના ઘણા પાછા ફરતા નથી. 'કરિયર'ના નામે તેઓ દેશને જ નહિ, ઘરડાં માબાપને પણ અહીં નિરાધાર છોડી દે છે. આની સામે ભારતમાં પરદેશોના હજારો વિદ્યાર્થીઓ ઊંચી કેળવણી લઈ રહ્યા છે.

સાભાર 'અખંડ આનંદ', ડિસેમ્બર ૨૦૨૨ ❑

## (૯) પરમાર્થે દાન આપવા જાહેર અપીલ

ટ્રસ્ટીમંડળ

પૂજ્ય શ્રીમોટાનાં વ્હાલાં સ્વજનો,
સાદર હરિ:ૐ

આપણાં દેશમાં અવકાશ-સંશોધનનો પાયો નાખનાર ડૉ. વિક્રમ સારાભાઈનું તા. ૩૦-૧૨-૧૯૭૧ના દિવસે જ્યારે અચાનક અવસાન થયું ત્યારે આખા ભારત દેશની જનતા ઉપર જાણે વીજળી પડી હોય તેવો વજ્રાઘાત થયો હતો. અવસાનના દસમા દિવસે પૂજ્ય શ્રીમોટા તેઓનાં ધર્મપત્ની મૃણાલિનીબહેનને અમદાવાદ મુકામે 'ચિમ્બરમ'માં તેમના ઘેર મળવા ગયા. પરિવારને સાંત્વન આપ્યા પછી પૂજ્ય શ્રીમોટાએ વિક્રમભાઈના દીકરા ચિ. કાર્તિકેયને કહ્યું, 'અહીંથી ફોન થઈ શકશે ?' ફોન લાવવામાં આવ્યો. પૂજ્ય શ્રીમોટાએ નંદુભાઈને કહ્યું, 'ઈશ્વરભાઈ પટેલને ફોન જોડો. વિક્રમભાઈના સ્મારક માટે મારે બે લાખ રૂપિયા આપવા છે. વર્ષ દરમિયાન વિજ્ઞાનમાં જે કોઈ વ્યક્તિ ઉત્તમ શોધ કરે તેને આ પૈસાના વ્યાજમાંથી ઈનામો આપવાં છે તે માટે કોઈ યોજના કરો.' ઈશ્વરભાઈ શ્રીમોટા સાથે સમંત થયા અને એક અઠવાડિયામાં જ પૂજ્ય શ્રીમોટાએ રૂપિયા બે લાખની રકમ એકઠી કરી પી.આર.એસ. (ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી અમદાવાદ) સંસ્થાને આપી દીધી.

મોટા મારી મા, પૃ.૩૭, આ.૪ — **- પ્રતાપરાય ઉપાધ્યાય**

પૂજ્ય શ્રીમોટા કહેતા કે 'તમારી પાસે બે પૈસા છે, તો દાન એવી રીતે આપજો કે સમાજની સમગ્રતાને સ્પર્શે. આ કાળ વિજ્ઞાનનો છે સાહેબ. હું આજે તમને સાચી વાત કહું છું કે આ કુદરત પોતાની બક્ષિસ આપવામાં આજે મોકળા હાથે તૈયાર છે. કુદરત પોતાનું રહસ્ય ખોલવાને માટે તત્પરતાવાળી છે, તૈયારીવાળી છે. આપણી પાસે receptiveness નથી. આપણી ભૂમિકા જાગેલી નથી. કુદરત આજે એનું રહસ્ય ખોલવાને માટે તૈયાર છે. આ વિશ્વવિગ્રહ પછી કેવી અને કેટકેટલી વિજ્ઞાનની શોધખોળો થઈ છે ! જરા વિચાર કરો દુનિયાભરમાં અસંખ્ય શોધખોળો થઈ છે ને આ કુદરતનું રહસ્ય આ વિજ્ઞાનીઓ પામતા જાય છે. વિજ્ઞાનનાં રહસ્યો ખુલ્લાં થાય છે. આ વિજ્ઞાનનો કાળ છે એટલે આપણા દેશમાં પણ અનેક શોધો થશે. આ વૈજ્ઞાનિકોને ઈનામ આપવા માટે તો વીસ-પચીસ પચાસ લાખ રૂપિયા સુધી મળે તોય કરું પણ મારી જેવા ગરીબ માણસને મળે ક્યાંથી ? ઘણા એવા કરવા જેવા મુદ્દા મને લાગે છે પણ મારા ભગવાનને પગે લાગીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહું છું, 'કે પ્રભુ, આ તારું સાધન તેં મને બતાવ્યું ખરું પણ હું કમજોર છું મને માફ કરજે.' (એકદમ ગળગળા સાદે) કે હું તારું બધું ચલાવીને કરી શકતો નથી. માણસ છું.'

વિજ્ઞાનના આવાં રહસ્યો ખોળાય તે એક બાબતમાં નહિ. Physics, Chemistry, Biology, Botany, Mathematics એવા બધાં દસ-બાર વિષયો લીધા છે. એમાં મૌલિક સંશોધનો થાય. આવા લોકોને (વૈજ્ઞાનિકોને) આપણે પોરો ચઢાવવો જોઈએ. તે પોરો ચઢાવાને માટે લાખ લાખ રૂપિયા

આપીએ તો તો સારું. પણ મારી પાસે સાધન નથી. એટલું આઠ-દસ લાખનું પણ કરીશ ખરો એ પણ એને માટે પૈસા તો જોઈને એ ભાઈ ? એ પૈસાને માટે તમારી પાસે આ વાત કરું છું.
શ્રીમોટાવાણી-૧૨, પૃ.૮૬, આ.૩ - **શ્રીમોટા**

આ યોજનાને અમલમાં લાવતાં પૂજ્ય શ્રીમોટાની હાજરીમાં હરિઃૐ આશ્રમ, નડિયાદ થકી આ હેતુસરનો એક ઠરાવ ક્રમાંક ૧૮૦/૨ તા. ૨૨-૯-૧૯૭૩ના રોજ કરવામાં આવ્યો અને તેને 'હરિઃૐ આશ્રમ પ્રેરિત ડૉ. વિક્રમ સારાભાઈ રિસર્ચ એવોર્ડ એન્ડોમેન્ટ' નામ આપવામાં આવ્યું અને પી.આર.એલ.ને રૂ બે લાખની રકમ આપવામાં આવી. જેમાંથી વિજ્ઞાનની વિવિધ શાખઆઓ જેવી કે (૧) ઈલેક્ટ્રોનિક્સ-ટેલિકોમ્યુનિકેશન (૨) ગ્રહો અને અવકાશ વિજ્ઞાન (૩) વાતાવરણીય અને જળવિજ્ઞાન (૪) સિસ્ટમ વિશ્લેષણ અને (૫) વ્યવસ્થાપન સમસ્યાઓ જેવા વિષયોમાં સંશોધન કરનારા વૈજ્ઞાનિકોને PRL સંયુક્ત સમિતિ દ્વારા પસંદ કરવામાં આવે છે અને ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આ ઍવોર્ડનું નામ 'હરિઃૐ આશ્રમ પ્રેરિત ડૉ. વિક્રમ સારાભાઈ સિનિયર સાયન્ટિસ્ટ રિસર્ચ ઍવોર્ડ' અને 'હરિઃૐ આશ્રમ પ્રેરિત ડૉ. વિક્રમ સારાભાઈ જુનિયર સાયન્ટિસ્ટ રિસર્ચ ઍવોર્ડ' રાખવામાં આવ્યું છે. સને ૧૯૭૪ ની સાલથી જે જે વૈજ્ઞાનિકોને ઍવોર્ડ મળ્યા છે તેમની વિગતો જાણવા માટે PRLની વેબસાઈટની વિઝિટ કરશો. https://www.prl.res.in/prl-eng/list awards hoa

હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા સમયે સમયે આ ફંડમાં વધારો થતો આવ્યો છે અને હાલમાં PRL પાસે કોર્પસ ફંડ ખાતે રૂ. ૧.૧૯ કરોડ (રૂ. એક કરોડ ઓગણીસ લાખ પૂરા) જેટલી રકમ જમાં છે. હાલમાં હરિઃૐ આશ્રમ પ્રેરિત ડૉ. વિક્રમ સારાભાઈ ઍવોર્ડ માટે દર પ્રથમ વર્ષે એક સિનિયર સાયન્ટિસ્ટને રૂ. ચાર લાખ અને દર બીજા વર્ષે ચાર જુનિયર સાયન્ટિસ્ટોને દરેકને રૂ. એક-એક લાખની રકમનો ઍવોર્ડ આપવામાં આવે છે. આપણા માનનીય રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ પણ ૧૯૯૮ની સાલમાં રાષ્ટ્રપતિ બન્યા તે પહેલાં આ ડૉ. વિક્રમ સારાભાઈ સિનિયર સાયન્ટિસ્ટનો સન્માનીય ઍવોર્ડ મેળવી ચૂક્યા છે.

આ પ્રતિષ્ઠિત ઍવોર્ડ માટે વૈજ્ઞાનિકોની સિદ્ધિને અનુરૂપ ઍવોર્ડની રકમમાં વધારો કરવો જરૂરી છે. જેથી આ 'સ્થાયી સખાવતી ફંડ'માં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ઈ.સ. ૨૦૨૩નું વર્ષ પૂજ્ય શ્રીમોટાની ૧૨૫મી જન્મજયંતિ વર્ષ હોવાથી આ નિમિત્તે હરિઃૐ આશ્રમ, નડિયાદ તરફથી આ કોર્પસ ફંડની રકમ વધારીને રૂ. પાંચ કરોડ જેટલી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ હેતુસર હરિઃૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટીમંડળે ઠરાવ નં. ૨૧૩૭. તા. ૨૮-૧૨-૨૦૨૨ પસાર કરી સમાજમાંથી દાન ઉઘરાવવાનો નિર્ણય કરેલ છે. આ ઠરાવ મુજબ તા. ૩૧-૧૦-૨૦૨૩ સુધી નડિયાદ આશ્રમને મળનારું તમામ દાન-એકઠી થનારી સંપૂર્ણ રકમ PRLને એક સામટા આગામી ભાદરવા વદ ચોથના ઉત્સવ પછી તા. ૩૧-૧૦-૨૦૨૩ના રોજ 'હરિઃૐ આશ્રમ પ્રેરિત ડૉ. વિક્રમ સારાભાઈ રિસર્ચ ઍવોર્ડ એન્ડોમેન્ટ' ખાતે અર્પણ કરવામાં આવશે.

**વિશેષ નોંધ :**

પ્રણાલિકા મુજબ દર વર્ષે પૂજ્ય શ્રીમોટાના રામનવમી સાક્ષાત્કાર દિન ઉત્સવની ઉજવણીમાં

પ્રાપ્ત થતી દાનની આવક હરિઃૐ આશ્રમ, સુરતને મળતી રહી છે. પરંતુ આ વર્ષે પૂજ્ય શ્રીમોટાનો ૮૫મો સાક્ષાત્કાર દિન તા. ૨-૪-૨૦૨૩નાં રોજ કુકેરી મુકામે યોજાનાર છે. આ વર્ષના રામનવમી ઉત્સવની સઘળી દાન આવક નડિયાદ આશ્રમને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL) ને વૈજ્ઞાનિકોના એવોર્ડ ખાતે કોર્પસ રકમમાં વધારો કરવાનાં હેતુથી આપવાનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો છે. તે દિવસે નડિયાદ આશ્રમ તરફથી દાતાઓને સીધી PRL હેતુસરની રસીદ ઉત્સવસ્થળ ઉપર જ આપવામાં આવશે. દાતાએ પાનકાર્ડ નંબર અને ફોન નંબર આપવો ફરજિયાત છે. આ ઉપરાંત હરિઃૐ આશ્રમ, નડિયાદ - સુરત ખાતે તા. ૩૧-૧૦-૨૦૨૩ સુધી આ હેતુસરના દાન સ્વીકારવાની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

આમ, હરિઃૐ આશ્રમ, નડિયાદ અને સુરતમાં ઉપરોક્ત દાનની રકમ સ્વીકારવામાં આવશે. આ ઉપરાંત દાતાઓ પોતાનું દાન નીચે જણાવેલ બૅંક એકાઉન્ટમાં સીધેસીધું સીધા RTGS, NEFT, IMPS કે UPI મારફતે પણ ભારતીય ચલણમાં જમા કરી શકશે.

બૅંક ખાતાની વિગત :

Benificiary Name : HARIOM ASHRAM
BANK OF MAHARASHTRA, NADIAD
Saving Account No. : 20148791890
IFSC Code : MAHB0000441

ઓનલાઈનથી દાન મોકલનાર સ્વજને પૂરું નામ, સરનામું, પાનકાર્ડ/આધાર કાર્ડ નંબર તથા મોબાઈલ નંબર અચૂક આપવાનો રહેશે. આપનું દાન ઈન્કમટેક્ષ એક્ટની જોગવાઈ મુજબ કલમ ૮૦(જી)(૫) હેઠળ કરમુક્તિ મળવાપાત્ર છે. આપના દાનની વિગત અમોને નીચે જણાવેલ વોટ્સએપ નંબર પર મોકલી આપશોજી. જેથી તે મુજબની પહોંચ બનાવી શકાય.

ઉપરની વિગતોથી વિદિત થઈ પૂજ્ય શ્રીમોટાના સંકલ્પને સાકાર કરવા અને આ ઉમદા પ્રકલ્પને ગતિમાન બનાવવાની દિશામાં 'હરિઃૐ આશ્રમ પ્રેરિત ડૉ. વિક્રમ સારાભાઈ રિસર્ચ એવોર્ડ એન્ડોમેન્ટ'માં વધારો કરવાના અમારા પ્રયાસોમાં દેશ-વિદેશના સર્વ સ્વજનો અને સમાજના શ્રેષ્ઠીઓને પોતાનો સહયોગ આપવા અને અન્યોને પણ પ્રોત્સાહિત કરવા ખાસ વિનંતી અને ભાવપૂર્વકની પ્રાર્થના. આભાર.

(૧) શ્રી જિતેન્દ્ર અમીન મે. ટ્રસ્ટીશ્રી (મો.) ૯૪૨૭૦૮૩૨૧૬
(૨) શ્રી રાજેન્દ્ર રાવળ ટ્રસ્ટીશ્રી (મો.) ૯૯૭૮૪૦૫૨૩૧
(૩) મંગેશભાઈ (જોગેષભાઈ) પટેલ ટ્રસ્ટીશ્રી (મો.) ૯૮૨૫૦૮૩૦૮૦
(૪) પરેશભાઈ શાહ વ્યવસ્થાપક (મો.) ૯૪૦૮૯૨૦૭૫૭

**પરદેશ માટે :**

(૧) શ્રી કાર્તિકેય અમીન, સ્વજનશ્રી (ફોન સંપર્ક) ૦૦૧-૬૦૯૩૨૫૮૧૧૮
ન્યૂજર્સી, અમેરિકા, ઈ-મેઈલ kartikeya_amin@hotmain.com

**હરિઃૐ આશ્રમ, ટ્રસ્ટીમંડળ,**
નડિયાદ-સુરત
તા. ૧૫-૨-૨૦૨૩

# (૧૦) શ્રીમોટાને સહાયક શ્રી તાજુદ્દીન બાબા

રતિલાલ મહેતા

પૂજ્ય શ્રીમોટાને તેમની સાધનામાં, તેમના સદ્‌ગુરુ શ્રીધૂણીવાળા દાદાની ખાતરી મુજબના મુખ્ય ચાર સત્પુરુષોએ વેગ આપેલો. તે હતા શ્રી સાંઈબાબા, શ્રી ઉપાસની મહારાજ, અક્કલકોટના સ્વામીશ્રી સમર્થ મહારાજ અને શ્રી તાજુદ્દીન બાબા. આ ચાર પૈકી શ્રી સમર્થ મહારાજ અને શ્રી તાજુદ્દીન બાબા વિષે તેમણે તેમના વિષે ક્યાંય જણાવ્યું નથી કેમ કે તેના કોઈ સાક્ષી નહોતા.

અક્કલકોટના સ્વામીશ્રી સમર્થની જીવનરેખા 'શ્રીમોટાના જીવનમાં મહાત્માઓ' નામક પુસ્તકમાં આપવામાં આવી છે. આજ સુધી શ્રી તાજુદ્દીન બાબા વિષે આપણે કાંઈ જાણતા નહોતા. પણ પ્રભુકૃપાથી થોડું જાણવા મળ્યું છે.

શ્રી તાજુદ્દીન બાબાનો જન્મ ૧૭-૧-૧૮૬૧ને રોજ કામઠી (નાગપુર) ગામે થયેલો. તેમના પિતાશ્રી સૈયદ બદરુદ્દીન લશ્કરમાં સુબેદાર હતા. તાજુદ્દીન બાબાની એક વર્ષની ઉંમરે તેમના પિતાજીનું અને આઠ વર્ષની ઉંમરે માતાનું અવસાન થયેલું. તેમનો ઉછેર ને શિક્ષણ તેમના મામાને ત્યાં થયેલો. નાની ઉંમરમાં ઊર્દૂ, અરબી, ફારસી ને અંગ્રેજી ભાષાનું શિક્ષણ મેળવ્યું.

મોટા થતાં તે લશ્કરમાં જોડાયા. પણ આવી નોકરીમાં તેમને રસ પડ્યો નહિ. દરમ્યાન કામઠીના સૂફી સંત અબ્દુલ્લાશાહના સત્સંગનો લાભ લીધો ને થોડાં વર્ષ બાદ આત્મદર્શન થયું. નોકરી છોડી દીધી. તેમની દૈવી શક્તિથી ખેંચાઈને ઘણા લોકો તેમનાં દુઃખદરદ મટાડવા તેમની પાસે જતા. આ રીતે તેઓ ઘણા પ્રખ્યાત થયા. તેથી તેમને કંટાળો આવવા લાગ્યો ને તે કારણે તેમણે પોતાના વર્તનમાં પાગલપણું દર્શાવવા માંડ્યું. એક વાર તેઓશ્રી નાગપુરની મહિલા ક્લબમાં કઢંગી હાલતમાં ગયેલા. પરિણામે ૨૫-૮-૧૮૯૨ને રોજ પાગલખાનામાં દાખલ કરવામાં આવ્યા.

પાગલખાનામાં પણ લોકો તેમના આશીર્વાદ લેવા જતા. મધ્ય પ્રાંતના ગવર્નર સર બેન્જામીનની પુત્રીને નાકનો રોગ થયેલો તે તેમણે મટાડ્યો હતો. નાગપુરના રાજા રઘોજી ભોંસલેએ ૧૯૦૮માં જામીન આપીને તેમને પાગલખાનામાંથી મુક્ત કરાવ્યા ને પોતાના મહેલમાં રાખ્યા. ત્યાં જ તેમણે ૧૬-૮-૧૯૨૫ને રોજ દેહ છોડેલો. તેમની સ્મૃતિમાં નિઝામે નાગપુરમાં સુંદર મકબરો ને મસ્જિદ બંધાવ્યાં. સક્કરદારા મહેલમાં તેમનો પલંગ અને તકિયો આજેય સચવાયેલાં છે.

બાબા તાજુદ્દીન રાષ્ટ્રીય એકતા અને સર્વધર્મસમભાવના પ્રચારક હતા. ૧૯૨૦માં નાગપુર ખાતે કૉંગ્રેસનું અધિવેશન ભરાયું ત્યારે બાબાએ મંચ પર હાજરી આપી હતી. ત્યાં મહાત્મા ગાંધીએ દેશની આઝાદી માટે પૂછ્યું ત્યારે તેમણે કહેલું કે 'ઝાડુ અને ટોપલો માથે લો; ત્યારે સૌ ઠીક થઈ જશે.' આવા પૂ. તાજુદ્દીન બાબાના સત્સંગ અને સાધન-સહાય પૂ. શ્રીમોટાને મળેલાં.

(સૌજન્ય : શ્રી સુરેશભાઈ ભટ્ટ) વડોદરા ❑

# (૧૧) શ્રી અરવિંદનું અદ્‌ભુત કાવ્ય : 'કોણ ?'

લેખક : શ્રી દિલીપકુમાર રાય
અનુવાદક : રમણલાલ સોની

મારા પિતાના મોહક વ્યક્તિત્વે અને પ્રતિભાએ શિવ, કાલી, કૃષ્ણગૌરાંગ અને ગંગામૈયા વિશે તેમણે લખેલાં ભજનો તરફ મારા હૃદયને વાળ્યું હતું. આ ગીતોએ ઈશ્વરનાં જુદાં જુદાં સ્વરૂપોનું દર્શન કરાવી મારા કિશોર હૃદયને આનંદમાં તરબોળ કરી મૂક્યું હતું. કૃષ્ણ સ્વરૂપે એ આપણને સૌંદર્ય દ્વારા પ્રેમનું દર્શન કરાવે છે, અને છેવટે પરમાનંદનું પાન કરાવે છે; કાલીમૈયાના સ્વરૂપે એ આપણને ભીષણમાં પણ દિવ્યનું દર્શન કરવા પ્રેરે છે; શિવસ્વરૂપે એ પોતાની અખંડ શાંતિનું આપણને દાન કરે છે; અને ગંગા સ્વરૂપે એ આપણને પાપ-મુક્ત કરે છે, જેથી કરીને આપણે એના અલૌકિક સૌંદર્ય-અંકમાં પોઢીએ ! પશ્ચિમના લોકો હિંદુધર્મને અનેક દેવદેવીઓને માનનારો મૂર્તિપૂજક કહી નાકનું ટેરવું ચડાવે છે. એમની આ માન્યતા ભૂલભરેલી છે, પણ એનો જવાબ આપવાનું આ સ્થાન નથી. તેથી હું અહીં કેવળ શ્રી અરવિંદના પ્રખ્યાત કાવ્ય 'કોણ'ની થોડી લીટીઓ ઉતારી સંતોષ માનીશ. ઈશ્વરનાં જુદાં જુદાં સ્વરૂપો કેવી રીતે સિદ્ધ પુરુષના હૃદયને વિધવિધ સૂર અને લયમાં આનંદથી ભરી દે છે તે આ પરથી જણાશે :

*નીલ આભે લીલી વનરાજીમહીં*
*કોનો હાથ આ રંગની શોભા કરે ?*
*નભના ઉદરે સૂતો વાયુ, એને*
*કોણ જગાડી વાવાની આજ્ઞા કરે ?*
*રહ્યો સુપ્ત એ હૈયાની ગુફામહીં*
*રહી ભેજામાં ને એ વિચારો ઘડે,*
*ફૂલ શોભા વિષે એ વણાયો, અને*
*જાળ તારાતણીમાં ફસાઈ પડે !*
*નારીરૂપ વિષે, નર-પૌરુષમાં*
*શિશુસ્મિતે ને કન્યાની લજ્જામહીં,*
*જેણે ફંગોળ્યો સૂરજને રમણે*
*એ જ હાથની ચાલાકી સર્વ સહી !*
*એની ક્રીડા આ, છાયા આ, વેશ વળી,*
*પણ ક્યાં છે એ ? શું નામ બોલાય એ ?*
*એ તો બ્રહ્મા કે વિષ્ણુ ? એ નારી કે નર ?*
*કે સાકાર નિરાકાર, એકાકી કે બે ?*
*અમે પ્રેમી એ શ્યામ કિશોર તણા,*
*મહાકાલી કરાલ અમારી જ મા,*
*ગિરિ-શૃંગ અમે શિવ-નૃત્ય દીઠું,*
*વળી દીઠી ગ્રહો બિચ એની પ્રભા !*

આ કંઈ દેવદેવીઓની મનઘડંત પૂજા નથી, પણ આ તો સર્વવ્યાપી સર્વેશ્વરના અનંત વિવિધ ભાવોનું જયગાન છે, અને એમાં ભક્તના હૃદયમાં જાગેલા એ ભાવોનો પ્રતિઘોષ છે. ઊંડામાં ઊંડી વેદનામાં પણ ભક્તહૃદય સર્વવ્યાપી સર્વેશ્વરનો સ્પર્શ અનુભવે છે અને પરમ આનંદના ભાવમાં ગાય છે :

*કે'શું વિશ્વને લીલાએ નટખટની,*
*થાય રાજી એ પીડા ને દર્દ દઈ,*
*અમ શોકે થૈ રાજી રડાવેય એ,*
*પાછો ભોળવે રૂપ ને માધુરીથી !*

આ સિવાય બીજું હોઈ પણ શું શકે ? કારણ, એ જ સર્વ કાંઈ છે, અને એ જ સર્વમાં છે !

*બધું ગાન તે એનો જ હાસ્યધ્વનિ,*
*બધું રૂપ તે એની જ સુખસ્મિતિ,*

*અમ જીવન એનો જ શ્વાસ, અને*
*અમ સુખ તે રાધાની કૃષ્ણ પ્રીતિ !*

એટલે, આપણને ગાન, પ્રેમ, સુખ અને આનંદમાં પ્રેરનાર એ કેવળ આપણો પ્રિયતમ નથી; એ શિવ પણ છે, જે સજા પણ કરે છે - કરૂણાથી પ્રેરાઈને.

*રણભેરીના ઘોષની શક્તિય એ,*
*રથનો રથી એ, અસિ-ઘા પણ એ,*
*હણે તોય ન દોષ, દયામય એ,*
*કરે યુદ્ધ સમષ્ટિહિતાર્થ જ એ !*

ટેનિસને સાચું જ ગાયું છે :

*એ આપણા શ્વાસથીયે નિકટ છે;*
*અને હાથપગ કરતાં યે પાસે છે.*

શ્રી અરવિંદ વધારે અસરકારક રીતે ગાય છે;

*ચિર પ્રેમી ને માનવનો ધણી એ,*
*જોઈ શકો તો પ્રાણ સમીપ જ એ !*

પણ કમનસીબ આપણું કે

*પણ દંભ ઘમંડથી અંધ એવા*
*હું-તમે પડ્યા કેદ વિચારો વિશે !*

પરંતુ એકવાર જો ભક્ત પોતાના હૃદયનું દ્વાર ખુલ્લું મૂકે તો એમાં એને પ્રભુનાં આ વિવિધ દિવ્ય સ્વરૂપોનાં દર્શન થયા વિના ન રહે.

આપણે હિંદુઓ આ વાત આપણી માતાઓના ખોળામાં જ શીખ્યા છીએ. મારા પિતા ઘણી વાર પોતાના હૃદયનું દ્વાર ખુલ્લું મૂકતાં તે વખતે એમને પ્રેરણા આવતી અને તેઓ પોતાનાં ગીતોમાં પ્રભુનાં દિવ્ય સ્વરૂપોનાં, પ્રેમ અને સૌંદર્યનાં, ભય અને યુદ્ધનાં, આનંદ અને સુખના ચિત્ર પ્રગટાવતાં !

'અનંતના યાત્રીઓ', બીજી આ., પૃ. ૫-૮ ❑

## 'હરિભાવ' માસિકપત્રની માહિતી

**(ફૉર્મ નં. ૪, રૂલ નં. ૮)**

૧. પ્રકાશનનું સ્થળ : બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

૨. પ્રકાશનનો સમય : માસિક

૩. મુદ્રકનું નામ : સુરેશચંદ્ર એમ. વોરા ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૪. પ્રકાશકનું નામ : સુરેશચંદ્ર એમ. વોરા ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૫. તંત્રીનું નામ : સુરેશચંદ્ર એમ. વોરા ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૬. માલિકોનાં નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
સરનામું : બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

હું, સુરેશચંદ્ર એમ. વોરા આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

'હરિવાણી ટ્રસ્ટ' વતી
તા. ૩૧-૩-૨૦૨૩ પ્રકાશકની સહી
અમદાવાદ. **સુરેશચંદ્ર એમ. વોરા**

**શ્રદ્ધા અને બુદ્ધિ વચ્ચે વિરોધ દેખાયા કરે છે, કેમ કે સાધારણ રીતે આપણે શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો ફેર જોતા નથી.** પ્રખ્યાત ગણાતા કેટલાકે અને સંત કહ્યો, તેથી - ફક્ત તેથી જ - ઘણા માણસો તેને પૂજવા મંડી જાય તેનું નામ અંધશ્રદ્ધા. તેથી જ તેમાંના ઘણા, વર્ષોના સમાગમ છતાં, કોરા જ રહે છે. **સાચી શ્રદ્ધાની પારાશીશી પોતાનો જ આંતરવિકાસ, પોતાને જ થતા, વધતા જતા, લાભ અનુભવવાથી જે જામતી જાય એ શ્રદ્ધા.** પૂજ્ય ગાંધીજી ઉપરની 'ગામડિયા'ની શ્રદ્ધા અંધ નથી, સાચી છે, કેમ કે તેઓ પ્રજામાં અને પોતાનામાં પ્રાણ પ્રગટાવવાને પ્રેરે છે, એવા એના અનુભવો છે.

સાચી શ્રદ્ધામાં બુદ્ધિનો ઉપયોગ છે જ અને તે શ્રદ્ધાને વધારવા માટે આત્માનો વિષય મનબુદ્ધિથી પર છે. માટે, ત્યાં બુદ્ધિ ન વપરાય, શ્રદ્ધા જ રખાય, એવી સામાન્ય માન્યતા છે, પણ એ તો મારા નમ્ર મતે અંધશ્રદ્ધા છે. **ભૌતિકશાસ્ત્રની માફક આત્મસાક્ષાત્કાર પણ પ્રયોગસાધ્ય છે,** જો ખરી જિજ્ઞાસા, ખંત, આંતરનિરીક્ષણ, મળેલા સત્યને જીવનમાં ઉતારવા માટે ફના થઈ જવાની શક્તિ વગેરે ઉપકરણો હોય તો. એટલે એમાં પણ અનુભવસિદ્ધ શ્રદ્ધાની જ જરૂર છે, અંધશ્રદ્ધાની નહિ.

પણ ત્યારે બુદ્ધિ અને શ્રદ્ધામાં ફેર શો ? ચૈતન્યશક્તિના આહ્વાનના કે કોઈ સંતની સહાયના લાભ અનુભવાય છતાં તેને કેવળ બુદ્ધિથી તો 'અકસ્માતની પરંપરા' ગણી કાઢી શકાય. यत्रः धूम्रस्तत्र वह्निः (જ્યાં ધુમાડો ત્યાં અગ્નિ) એવા સોએ સો ટકા નિશ્ચિતતાનાં અનુમાનો ઉપર જ વિશ્વાસ, એટલે કેવળ બુદ્ધિથી દોરાવું, પણ આવા સહાયકારી ઘણા અનુભવો થયા પછી તેથી ઊંધા એટલે દેખીતું દુઃખ અને નુકસાન આપનારા અનુભવો થાય, ત્યારે પણ આગલા અનુભવો સ્મરીને પોતાના પંથને વળગી રહેવું તથા શ્રદ્ધા ઊઠી જાય એ દિશાએ નહિ પણ એવા અનુભવોનું ઊંડું રહસ્ય શોધવા તથા તેનાં કારણો આપણી પોતાની કચાશમાં જ શોધવા બુદ્ધિને વાળવી તેનું નામ શ્રદ્ધા. ત્યારે **બુદ્ધિ ઊંધું સમજાવવા મથે છે, પણ તેને મચક ન આપવી તેનું નામ શ્રદ્ધા.** ગાંધીજીને અનેક વાર ચૈતન્યશક્તિએ મદદ કરી છે, તે અનુભવને આધારે જ તેમની શ્રદ્ધા આટલી અડગ છે અને તે નિરાશ નથી થતા.

કોઈ માનવી ખરું જોતાં કદી કેવળ બુદ્ધિથી દોરાતો નથી. પોતાનાં મંતવ્યો અને વર્તનને તે પોતાની બુદ્ધિ અનુસાર નહિ, પણ પોતાના આંતરસત્ત્વ (Inner Being) પ્રમાણે બહારના અનુભવો ઝીલીને ઘડે છે. આંતરસત્ત્વ એટલે મન, બુદ્ધિ, લાગણી, વાતાવરણ, પૂર્વકર્મો, અંગત સંજોગોની છાપ વગેરે. બુદ્ધિ તો તેને કેવળ યોગ્ય, ન્યાયયુક્ત ઠેરવે છે. બુદ્ધિ જાતે જ આ બધાંને રંગતી અને તેમનાથી રંગાતી હોવાથી અર્ધશુદ્ધ છે. તેથી, **બુદ્ધિ ઉપર જ મદાર રાખનારા સત્યથી એટલા જ વેગળા રહે છે, જેટલા મંદબુદ્ધિ અંધશ્રદ્ધાળુઓ. વળી, એવાઓ સદાય સંશયગ્રસ્ત અને તેથી પ્રાણહીન રહેવાનો પૂરો સંભવ છે.** તેથી, સાચી શ્રદ્ધાને મદદ કરે એવા માણસને ઘડવામાં બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ, એટલે આધ્યાત્મિક ક્ષેત્રમાં બુદ્ધિની ઘણી જરૂર છે.

'જીવનપ્રેરણા', ૩જી આ. પૃ. ૫ ❑

## (૧૩) ડેટાબેઝ અંગે

**ટ્રસ્ટીમંડળ**

USA સ્થિત સ્વજન શ્રી એન.સી.પટેલ દ્વારા સુરત ટ્રસ્ટીમંડળ સાથે મિટિંગ દરમ્યાન સૂચવવામાં આવ્યું કે પૂજ્ય શ્રીમોટા સાથે સંકળાયેલ ભારતમાં અને પરદેશમાં વસતા સૌ સ્વજનોનો એક વ્યવસ્થિત માહિતીસભર ડેટાબેઝ બનાવવો જોઈએ. જેથી સ્વજનો અને આશ્રમ વચ્ચે જીવંત સંપર્ક જળવાઈ રહે અને આવનારા સમયમાં આશ્રમ દ્વારા થતી પ્રવૃત્તિઓથી સ્વજનોને ઈમેઈલ-વોટ્સઍપ જેવાં માધ્યમો વડે માહિતગાર રાખી શકાય. ઉપરાંત કોઈ પણ અગત્યનો સંદેશો આશ્રમ દ્વારા અધિકૃત રીતે ઝડપથી સ્વજનો સુધી પહોંચાડી શકાય. તેના માટે એક ફોર્મ બહાર પાડવું, ફોર્મમાં પરિવારના દરેક સભ્યોએ પોતાનો અભ્યાસ, વ્યવસાય વગેરે વિગતો અચૂક ભરવી. ફોર્મમાં દર્શાવેલ તમામ વિગતો સ્વચ્છ અક્ષરે ગુજરાતી અથવા અંગ્રેજીમાં ભરી આશ્રમના મોબાઈલ નંબર ૯૭૨૭૭ ૩૩૪૦૦ ઉપર વોટ્સઍપ દ્વારા કે પછી hariommota1@gmail.com ઉપર ફોટો પાડી મોકલી આપવી. અથવા

ગૂગલ ફૉર્મમાં ભરીને મોકલવી જેની લિંક QR કોડમાં આપી છે.

પરિવારના દરેક સભ્યોએ અલગ કાગળમાં નીચે મુજબ માહિતી ભરી મોકલી આપવી.

સ્વજનનું નામ ______________________________

સરનામું ______________________________

મોબાઈલ ______________ ઈમેઈલ ______________

એજ્યુકેશન ______________ વ્યવસાય ______________

જન્મતારીખ ______________ લગ્નતારીખ ______________

દરેક સ્વજનોએ પૂજ્ય શ્રીમોટા સાથે ક્યારે અને કેવી રીતે સંકળાવાનું બન્યું તેનું વિસ્તારથી અથવા ટૂંકાણમાં લખાણ કુરિયર અથવા ઈમેઈલથી આશ્રમને મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત આપના જીવનના શ્રીમોટા સાથેના અનુભવો, મદદો વગેરે પણ લખી મોકલશો.

આપની પાસે પૂજ્ય શ્રીમોટા સાથેના કોઈ ફોટોગ્રાફ/વિડિયો કે પત્ર જેવી કોઈ સામગ્રી હોય તો આશ્રમને ઓરિજીનલ અથવા કલર સ્કેન કોપી આપશો તો આશ્રમ દ્વારા તે સાહિત્ય જો અપ્રસિદ્ધ માલૂમ પડશે તો આગામી નવા પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવશે.

### ‘ભાવ’ પુસ્તિકાની સંગીતમય પ્રસ્તુતિ લોન્ચિંગ

પૂજ્ય શ્રીમોટા રચિત ‘ભાવ’ પુસ્તિકા આધ્યાત્મિક સાહિત્યનું મૌલિક અને ઉત્તમ સર્જન છે. તેની પ્રથમ આવૃત્તિ સને ૧૯૭૨માં છપાઈ હતી. જેને મધુર સંગીતમય ઓપ આપવાનું કાર્ય શ્રી ભાવિક મનસુખભાઈ પટેલ અને ટીમ દ્વારા ભાવપૂર્વક કરવામાં આવ્યું છે. આ ઓડિયો પૂજ્ય શ્રીમોટાના ૮૫મા સાક્ષાત્કાર દિન નિમિત્તે ઉત્સવમાં રજૂ કરવામાં આવશે. પૂજ્ય શ્રીમોટાની આ પદ્યપ્રસાદી સ્વજનોને YOUTUBE મારફતે તથા આશ્રમની વેબસાઈટ/પેનડ્રાઇવ ઉપર તા. ૨-૪-૨૦૨૩થી ઉપલબ્ધ થશે.

**લિ. ટ્રસ્ટીમંડળ,** હરિઃૐ આશ્રમ, સુરત.

## (૧૪) કર્મસંસ્કારો અને ભાવ

અનેક જન્મના સંસ્કારો આપણા સૂક્ષ્મ શરીરમાં હોય છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ આપણા શરીરનું બીઈંગ (હોવાપણું) — સૂક્ષ્મમાં સૂક્ષ્મ બીઈંગ છે. એ નાનામાં નાનું — ઍટમથીય નાનું છે. એને અંગુષ્ઠપ્રમાણ કહ્યું છે. એ માત્ર લંબાઈવાળું છે. એને થિકનેસ (જાડાઈ) નથી. તેની અંદર આ બધા સંસ્કારો હોય છે.

આપણા સ્થૂળ શરીરની પ્રવૃત્તિ પાછળ કોઈ ધ્યેય ન હોય તો જેમ આપણે ગમે તેમ રખડીએ છીએ, તેમ સૂક્ષ્મ શરીર જે આપણામાંથી મૃત્યુ સમયે નીકળે છે, તે પણ ગમે તેમ રખડે છે. આપણે જીવતા જાગતા ભલે બધું કામ કરતાં હોઈએ, પણ આપણે રખડીએ છીએ એમ ગણાય, કારણ કે આપણે ધ્યેય વગરના છીએ. કોઈનું અપમાન કરવાનો મારો હેતુ નથી. મારો હેતુ તો સમજાવવાનો છે. આપણી પાસે કોઈ ધ્યેય નથી કે જીવન શા માટે મળ્યું છે. એટલે માત્ર પ્રવૃત્તિ કરવા ખાતર અને એ કર્યા વિના આપણને ચાલે તેમ નથી. કરવું જ પડે તેમ છે એટલે કરીએ છીએ. એ જે પ્રવૃત્તિ કરે છે, એની પાછળ તેનો હેતુ નથી. એટલે તેનું ફળ મળતું નથી. ફળમાત્ર સંસ્કાર હોય છે. એટલે એ સંસ્કાર પાછા એ જાતના ગાઢ — એ જ જાતના હેતુ વિનાના છે. આપણે આ જે કર્મ કર્યાં અને જે સંસ્કારો થયા એ આપણા ચિત્તમાં પડે છે. એ સંસ્કાર અત્યારે ને અત્યારે ફલિત થાય એના કરતાં એ સંસ્કાર પછીના જન્મમાં વધારે ગાઢ થવાના, અને પાછા તે જ પ્રકારનાં કર્મમાં આપણને વધારે ગાઢ રીતે સાંકળી દેવાના. એટલે સત્પુરુષોએ એમ કહ્યું કે એ સંસ્કારને તમારા ચિત્તમાં પડવા જ ના દેવા. એ બહાર નીકળી જાય તેવું કરજો. દા.ત. એક વિચાર આવ્યો કે મારે આમ કરવું છે, તો એ બહાર નીકળી જાય તેવું કરજો. એટલે ખલાસ, કારણ કે આપણે જીવ છીએ. આ વાત જરા એવી છે કે કોઈના મગજમાં ન ઊતરે, પણ વાત સાચી છે.

આપણે માણસ છીએ. એટલે આપણને સારા વિચાર પણ આવશે અને ખરાબ વિચાર પણ આવશે. એની કોઈ ના નહિ પાડી શકે. માણસ છીએ એટલે આપણને સદ્વિચાર આવશે અને અસદ્વિચાર પણ આવશે, ત્યારે તે સંસ્કાર સંઘરવા નથી એ વાત તો ચોક્કસ. આપણે નિઃસ્પૃહી છીએ, એટલે જે વિચાર આવે તેનો અમલ કરી દેવો. બીજા સમજે કે ના સમજે તેની આપણને દરકાર નથી. હવે તેમ કરતાં બીજો વિચાર આવે કે એ તમે કરો તો એના સંસ્કાર આવ્યા કે નહિ ? હવે આપણું ચિત્ત આકાશ જેવું નિર્મળ થયેલું નથી. એટલે એ સંસ્કાર પણ પડ્યા, તો એ સંસ્કાર ક્યાં જવાના ? અને કેવી રીતે એને તમે કાઢવાના ? એટલે એ વિશે આપણા લોકોએ (સત્પુરુષોએ) વિચાર કર્યો કે સકળ કર્મ કરતાં કરતાં ભગવાનના ભાવમાં રહો. પ્રભુનું સ્મરણ કરો કે ગમે તે ઉપાય લ્યો, પણ ભગવાનના ભાવમાં રહો.

ભગવાનનો ભાવ એટલે શું ? તો ભાવ, સત્ત્વ, રજસ અને તમસથી પર છે. ભાવમાં કોઈ જાતનું બંધન નથી. કર્મ કરતી વખતે તમે સંપૂર્ણ ભાવમાં રહ્યા તો કોઈ નવો સંસ્કાર તમારા ચિત્તમાં પ્રવેશી નહિ શકે. ગમે તેવું હોય — કોઈ પણ સંસ્કાર — તે તમારા ચિત્તમાં પ્રવેશી નહિ શકે. ભાવ જો ત્યાં આગળ સ્થિર થઈને જીવતો જાગતો ચેતનાત્મક રહ્યો, તો ત્યાં આગળ કોઈ ગુણનો પ્રવેશ નથી, કેમ કે ભાવ પ્રકૃતિથી પર છે. એટલે આપણા લોકોએ કહ્યું કે આપણામાં આ ભાવ કેળવાય તો આ બધું કરવા છતાં, આ સંસાર ભોગવવા છતાં પણ તે તમને લાગશે નહિ. એટલે કે તેના સંસ્કાર પડશે નહિ. માટે ભાવ કેળવો.

'એકીકરણ-સમીકરણ', પ્ર.આ., પૃ. ૯૦ ❑

## (૧૫) સ્નેહમૂર્તિ શ્રીમોટા

ડૉ. મહેન્દ્ર ત્રિવેદી

મારી ઉંમર ત્યારે માત્ર નવેક વર્ષની. શેરીમાં અમે ક્રિકેટ રમતા હોઈએ ને ઘણીવાર એક કાર આવી ચઢે. આવીને એવી રીતે ઊભી રહે કે રંગમાં ભંગ પડે. એમાંથી ધીમેથી ઊતરતા એક સાધુ જેવા માણસ ઉપર અમને ચીઢ ચડે. કેમ કે દેખીતી રીતે જ એ કારનું શેરીમાં આવવાનું નિમિત્ત એ જ છે એમ સહેજે જણાઈ આવતું. પછી ધીરે ધીરે જાણવા મળ્યું કે એ તો એક બહુ મોટા સંતપુરુષ છે. એમના ઘણા ચાહકો, પ્રશંસકો છે... લોકો એમને 'પૂજ્ય મોટા'ના નામે ઓળખે છે.

લગભગ સાડાત્રણેક વર્ષ પહેલાં શ્રી ચૌહાણ સાહેબ પૂજ્ય શ્રીમોટાને દાંતની તકલીફના નિમિત્તે મારા દવાખાને લઈ આવેલા ત્યારે તેમણે મને તેમની સેવાનો લાભ આપ્યો અને તે સાથે તેમની જોડેના મારા સંપર્કનું - તેય વળી નિકટના સંપર્કનું - મંગલાચરણ થયું. ત્યારે, છેલ્લા કેટલાક સમયથી, જપના સાધનનો પ્રયોગ કરવાનું મેં શરૂ કર્યું હતું. ઈશ્વરને માટે એ પૂર્વયોજના હશે. મારે માટે એ સુખદ અકસ્માત હતો. મેં તક ઝડપીને વાત ઉપાડી :

'હું માળા કરું છું.'

'માળા ફેરવ્યે શું ?' તરત અણધાર્યો પ્રત્યુત્તર આવ્યો.

'ઘણાને તારા દેખાય છે !'

'એનો કશો અર્થ નહિ !'

સસ્તી શાબાશી મેળવવાની આશાએ વાત કરનાર વ્યક્તિ તો આવા પ્રતિભાવથી ડઘાઈ જ જાય. મેં તો પૂછ્યું :

'કેમ નહિ ? તો પછી માળા ફેરવવાનો અર્થ શો ? તમે તો માળા ફેરવવાનું ઘણાને કહો છો

'જપથી કરણોની શુદ્ધિ થવી જોઈએ, મહત્ત્વની વાત એ છે.'

સાધનામાં દર્શનો ઉપર ઝોક ન આપવો એ સૂઝ ત્યારે આપીને એમણે મારી સમજનું પરિમાણ બદલ્યું.

સન ૧૯૭૦માં તેઓ અજ્ઞાતવાસમાં હતા ત્યારે દાંત દેખાડવાનું કામ કાઢીને તેઓ મારી પાસે આવ્યા હતા. મને તે વખતે તેમના દાંતમાં કશી તકલીફ જણાઈ નહોતી. એ જ દિવસે સવારે પૂ. યોગીજી સ્વામીએ સ્થૂલ દેહ છોડેલો; તેમના પ્રત્યે મારો અનન્ય ભક્તિભાવ હતો. તેઓ મારા પહેલા આધ્યાત્મિક પ્રેરણાદાતા હતા. પૂ. શ્રીમોટાએ આવીને મને કહેલું : 'માળા ફેરવવાનું ચાલુ રાખજે; અલૌકિક સુખ મળજે.' આજે એમની આજ્ઞાનું પાલન ચાલુ છે.

એક વાર તેઓ એમ જ મારે દવાખાને આવ્યા, ત્યારે અગરબત્તી સળગતી હતી. પૂ. શ્રીમોટાની સાથે આવેલા એક ભાઈએ એને બુઝાવી નાખવા કહ્યું, ત્યારે પૂ. શ્રીમોટાએ તેમ કરવા ના પાડી. સહસા ત્યાં અકળ રીતે ગુલાબની સુગંધ પ્રગટી ને તરત ત્યાંના આખા વાતાવરણમાં ઉત્કટ રીતે એવી તો ફેલાઈ કે વીસથી પચીસ ફૂટ સુધી તેનો અનુભવ થયો હતો.

સન ૧૯૬૯ના જાન્યુઆરીમાં એક સવારે સ્ટેશને જતાં મને છાતીમાં દુઃખાવો ઊપડ્યો,

પગે સોજા પણ જણાયા. પાછા આવીને દવાખાને રાબેતા મુજબ કામ કર્યું. પછી એક જાણીતા નિષ્ણાત તબીબ પાસે ગયો. તબીબોએ અને તેમનાં યાંત્રિક સાધનોએ એકી અવાજે એ હાર્ટ એટેક હોવાનું જાહેર કર્યું. એ વખતે પૂ. શ્રીમોટા ખાસ મને જોવા ઇસ્પિતાલમાં આવ્યા હતા. ‘મારા વ્હાલા, દસ જ દિવસમાં સારું થઈ જશે.’ એમ બોલીને તેમણે મારા આખા શરીરે નખશિખ હાથ ફેરવ્યો. તત્કાલ મારી વેદના સાવ ઘટી ગઈ, નજીવી થઈ ગઈ. પછી તેમના કહ્યા પ્રમાણે, દસ જ દિવસમાં દરદ પણ સંપૂર્ણપણે મટી ગયું. ગયા વર્ષે (ઈ.સ. ૧૯૭૧માં) સાવચેતીરૂપે ફરી તબીબી તપાસ કરાવી. સૌના આશ્ચર્ય વચ્ચે, પહેલાં હાર્ટએટેક થયાની કોઈ નિશાની, યાંત્રિક સાધનો બતાવી શક્યાં નહોતાં !

ગયા વર્ષે ભારતના એક મહાનગરની એક ‘માયા’નો મારા જીવનમાં પ્રવેશ થયેલો. છેલ્લા કેટલાક સમયથી સ્વીકારેલી જીવનપદ્ધતિ સાથે એ ઘટનાનો મેળ ખાય તેમ નહોતો. પણ હું ઘટના-પ્રવાહની સામે મારી પોતાની તાકાતથી તરી શકું એવી સંભાવના શંકાસ્પદ હતી. એ વાત પૂજ્ય શ્રીમોટાના લક્ષમાં હતી અને તેમણે સાફ શબ્દોમાં માર્ગદર્શન આપી એવું ઘટિત મક્કમ પગલું મારી પાસે ભરાવડાવ્યું કે જેથી હું હવે એ ‘માયા’ના ‘પાશ’માંથી મુક્ત થઈ ગયો છું.

ગયા વરસની જ વાત છે. ઉપરના સંજોગ પછી એકવાર હું ઘણો જ બેચેન બની ગયો હતો. એ વ્યગ્રતામાંથી ગમે તે રીતે, સ્થાનફેર કરીનેય, મનને રાહત આપવા માટે હું મારે ગામ જવા નીકળ્યો. વાસદ સુધી પહોંચ્યો ત્યાં કાનમાં સતત અવાજ સંભળાવા લાગ્યો, ‘નડિયાદ જા...નડિયાદ જા...’ અને મેં મારું ગંતવ્ય બદલ્યું. હું નડિયાદ ગયો. પૂ. શ્રીમોટા જાણે મારી રાહ જોતા હતા. તેમના સાન્નિધ્યમાં મનને શાતા વળી ગઈ. ફરી ક્યારેય એવી વ્યગ્રતા જાગે તો શી પ્રક્રિયા અજમાવવી તેનું પણ તેમણે દિગ્દર્શન કર્યું.

પૂજ્ય શ્રીમોટાના સ્નેહમાં મને માતાપિતાનાં સંયુક્ત પ્રગાઢ સ્નેહ, હૂંફ અને આધાર સાંપડ્યા છે. મને એમણે કુટુંબીજનની જેમ અપનાવ્યો છે. જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે તેમણે યોગ્ય સલાહ નિઃસંકોચ રીતે સાફ સાફ શબ્દોમાં આપી છે. ક્યારેક તેઓ પરોક્ષ રીતે પણ મર્મબોધ કરી દે છે. તેમના આવવાથી મારી જિંદગીનું વહેણ કેટલેક અંશે છતાં નિશ્ચયાત્મક રીતે બદલાઈ ગયું છે. મારા એમની સાથેના સંપર્કમાં મેં એ પણ જોયું છે કે આવા ગાઢ સ્નેહાનુબંધોની ગૂંથણી કરીનેય એ પાછા એમાંથી ગજબ રીતે અલિપ્ત પણ રહી શકે છે !

પૂ. શ્રીમોટાના દીક્ષાદિન સુવર્ણ મહોત્સવ ‘સ્મૃતિગ્રંથ’, ૧૯૭૨ વડોદરામાંથી ❏

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને હરિઃૐ આશ્રમ, સુરતના પૂર્વ મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી કરશનભાઈ માધવલાલ પટેલ (સંડેર-હાલ સુરત) તા. ૧૪-૨-૨૦૨૩ને મંગળવારના રોજ શ્રીમોટાશરણ પામેલ છે. પૂજ્ય શ્રીમોટા તેઓને યશકલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના... - **સંપાદક**

| 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ | | | |
|---|---|---|---|
| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
| ૧. | રમણભાઈ એમ. પટેલ | નડિયાદ | ૧૧,૦૦૦/- |
| ૨. | કુંતલ મારફતિયા | મુંબઈ | ૫,૦૦૦/- |
| ૩. | ઉર્મિલાબહેન બાબુભાઈ પટેલ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૪. | કૈલાસબહેન ટી. પંડ્યા (પૌત્ર ચિ. પ્રણવના જન્મદિન (૨-૩) નિમિત્તે) | ભાદરણ | ૨,૧૦૦/- |
| ૫. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૬. | ડૉ. દર્શનાબહેન એચ. ભટ્ટ (પુત્ર ચિ. ઋષિને તા. ૨૯-૧-૨૦૨૩ ના રોજ અપાયેલ યજ્ઞોપવિત નિમિત્તે | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૭. | કેવલ મોહનભાઈ પટેલ (જન્મદિન તા. ૨-૬ નિમિત્તે) | નરોડા | ૧,૧૧૧/- |
| ૮. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૯. | વીણાબહેન ડી. ત્રિવેદી (પુત્રો ચિ. સ્મરણ (તા.૧૨-૨) તથા ચિ. વરેણ્યમ (તા.૭-૨)ના જન્મદિન નિમિત્તે) | અમદાવાદ | ૧૦૦૦/- |
| ૧૦. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૧. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૧૨. | શાલ્મીબહેન ભરતકુમાર ઠાકોર (પુત્રી કરિશ્માની લગ્નતિથિ (૧૯-૩) નિમિત્તે) | નરોડા | ૫૦૧/- |
| ૧૩. | પદ્માવતીબહેન બાલકૃષ્ણ દવે (જીવનસાથી બાલકૃષ્ણ જીવતરામ દવેની ૧૬મી પુણ્યતિથિ નિમિત્તે) | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૪. | રંજનબહેન મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૦/- |
| | **ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** | **- સંપાદક** | |

**અનુસંધાન પેજ નં. ૫ નું ચાલુ**

તેમણે મારી પાસે કરાવ્યાં છે. તેનો થોડોક નિર્દેશ 'સદ્‌ગુરુ'નાં જોડકણાંમાં કર્યો છે ખરો. મારા જીવનની સાધનાની કોઈપણ હકીકત જેના કોઈ સાક્ષી ન હોય તે મેં લખી નથી. મારા જીવનના આ પ્રકારના વલણની મારી સાથે સંબંધ કેળવનારને પૂરી ખબર છે.'સદ્‌ગુરુ' વિશે લખવાનું જ્યારે આવ્યું છે ત્યારે શ્રીભગવાનની કૃપાથી મારાથી થયેલી સાધનાની હકીકત જો તેમાં ન ઉમેરાય તો તેમાં એક પ્રકારની ઊણપ લાગે એટલે જે આજ સુધી કદી મેં જાહેર કર્યું નથી, તેવું બધું જ મેં ખુલ્લંખુલ્લું લખ્યું છે.


'ભગતમાં ભગવાન', આ. ૬, પૃ. ૮૦ ❑



પરમ પૂજ્ય શ્રી તાજુદ્દીન બાબા

**HARIBHAV, MARCH, 2023**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023



સંતભક્તોનાં જીવનચરિત્રો વાંચી જુઓ. જગતે તેમની અવગણના કરેલી છે અને તેમની કદરભક્તિ તો બહુ જ થોડા જીવોએ દાખવેલી છે. બધાંનો પ્રેમભાવ લેવાને જે કોઈ ભટકે છે, તેનાથી આ માર્ગનું કશું વળી શકવાનું નથી. આપણે તો એકમાત્ર એનો પ્રેમભાવ મેળવવો છે. તેમ છતાં આપણે કોઈની અવગણના પણ કરવાની નથી.

- શ્રીમોટા

*'જીવન દર્શન', ૧૧મી આ., પૃ. ૨૭૭*

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust, B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007